શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા સંચાલિત

# ગોપાળાનંદસ્વામીની વિશેષતા

## આધ્યાત્મિક પરીક્ષા - ૧

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

તા.૨૮-૦૭-૧૯, રવિવાર **પરીક્ષા કોર્ષ** સમય : બપોરે ૩ થી ૫

**નોંધ :**

૧. ગોપાળાનંદસ્વામીની વિશેષતા ભાગ : ૧ ની પરિક્ષા માટેનું સાહિત્ય અત્ર આપેલ છે. પહેલા જે ૧૪ માર્કનું હતું તે તથા આપને ઓડિયો ફાઈલ આપી હતી તેમાંથી ૮૬ માર્કસનું સાહિત્ય અહીં આપેલ છે. આવી રીતે કુલ ૧૦૦ માર્કસનું પેપર અહીં આપેલ સાહિત્યમાંથી કાઢવામાં આવશે.

૨. અહીં જે પ્રશ્ન કે ખાલી જગ્યા આપી છે તેવી રીતે જ બેઠું નહિ પૂછાય. પ્રશ્નના જવાબોમાંથી પણ ખાલી જગ્યા આવી શકે તથા ખાલી જગ્યા હોય તે પ્રશ્નરૂપે પણ પૂછાશે.

## પેપર સ્ટાઈલ

| | |
|---|---|
| પ્રશ્ન-૧ : બે વિકલ્પોવાળી ખાલી જગ્યા. | માર્કસ : ૩૦ |
| પ્રશ્ન-૨ : નીચે આપેલી ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. | માર્કસ : ૧૦ |
| પ્રશ્ન-૩ : ખરા ખોટા. | માર્કસ : ૧૦ |
| પ્રશ્ન-૪ (અ) નીચેના વાક્યો કોણ બોલે છે ? | માર્કસ : ૦૫ |
| પ્રશ્ન-૪ (બ) જોડકા જોડો. 'બ' માંથી યોગ્ય નંબર પસંદ કરી જવાબ લખો. | માર્કસ : ૧૦ |
| પ્રશ્ન-૫ (અ) : પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. | માર્કસ : ૦૫ |
| પ્રશ્ન-૫ (બ) : પ્રશ્નોના તેની બાજુમાં જવાબ લખો. | માર્કસ : ૧૦ |
| પ્રશ્ન-૬ પ્રશ્નોના ઉત્તર લખો. | માર્કસ : ૧૨ |
| પ્રશ્ન-૭ : પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (ત્રણમાંથી કોઈ પણ બે) | માર્કસ : ૦૮ |

# પરીક્ષા કોર્ષ

## (ઓડિયો ક્લીપમાંથી બનાવેલ પ્રશ્ન-ઉત્તર) માર્ક-૮૬

૧. કેવી સમજણને કારણે માણસ ખુંવાર થાય છે ?

માણસ બાહુબળથી, હથિયારનાં બળથી, થોડાક માણસ એની સાથે હોય એનાં બળથી જાણ કે અમે જ હતા ને અમે જ છીએ ને અમે જ બધું કરી નાંખશું ને અમારું જ ધાર્યું થાશે. એવા અહમમાં બિચારા ખુંવાર થઈ જાય છે.

૨. દેવળિયા ગામને પાદરે શું પ્રસંગ બન્યો હતો ?

દેવળિયા ગામના કેટલાક વિદ્વાન બ્રાહ્મણો, પાસે ઉભેલા ગોપાળાનંદ સ્વામીની ઠેકડી કરવા લાગ્યા. સ્વામી કાંઈ બોલ્યા નહિ. છેલ્લે સ્વામીએ એટલું પૂછ્યું કે, 'ભૂદેવ ! તમારી અટક કઈ છે ?' ત્યારે તેઓ મશ્કરી કરવા એવું બોલ્યા કે,'ગોટાળી.' સ્વામી કહે તો એવું રહેશે. તરત બધા બ્રાહ્મણો તોતડા થઈ ગયા.

૩. સેવા કેવી રીતે કરવી જોઈએ ?

આપણે પ્રભુમાં ગળાડૂબ રહેવું, મૂર્તિમાં મસ્ત રહેવું. જેને જ્યાં સેવા મળે ત્યાં ભગવાન ભજતાં-ભજતાં સેવા કરવી. ચાહે એ સેવા ઉચ્ચ કક્ષાની હોય કે નીચી હોય. પણ મને ભગવાનની અને આ સંતો-ભક્તોની સેવા મળે જ ક્યાંથી ? મારા મોટા ભાગ્ય તે મને સેવા મળી, એમ માનીને કોઈપણ જાતનું માન-સન્માન ઇચ્છ્યા વિના સેવા કરવી.

૪. કોઈને વાત કરવા વિશે ગોપાળાનંદ સ્વામીનો સિધ્ધાંત શું છે ?

ગોપાળાનંદ સ્વામી કહે, કોઈને વાત કરવી એમાં એવું રાખવું કે, વાત કરીને છેટા રહેવું, કોઈને ઉપદેશ દેવો, કોઈ જીવનું કલ્યાણ થાય એવી ઈચ્છા રાખવી, કોઇનું ભલું થાય એવી કથા-વાર્તા કરવી. પણ કોઈનાં ડોળમાં ભળવું નહીં. આ ગોપાળાનંદ સ્વામીનો સિધ્ધાંત છે.

૫. કેવો સ્વભાવ હશે તો ભજન નહિ થાય ?

એને મારું માન્યું, ન માન્યું, કેટલું માન્યું ? એવી કોઈ ગણતરી ન રાખવી અને જો રાખે તો ભજન ન થાય.

૬. ગોપાળાનંદ સ્વામીને પરમ સેવક સંત કેમ કહેતાં ?
ગોપાળાનંદ સ્વામીને સેવા કરવાનો બહુ ભાવ હતો એટલે.

૭. ભગવાનનું ગુપ્ત જ્ઞાન શું છે ?
આપણું ને આપણું વાપરી નાંખીને આપણી ઈચ્છા પૂરી કરી દેવી.એ ભગવાનનું ગુપ્ત જ્ઞાન છે.

૮. જીવથી જે કાંઈ થાતું હોય છે તેને સ્ટાર્ટ કરાવનાર અને કન્ટીન્યું(શરૂ રાખનાર) કયા બે તત્ત્વો છે ?
(૧) માન(અહમ) (૨) આસક્તિ

૯. ગોપાળાનંદ સ્વામીમાં અહં અને આસક્તિ કેમ નથી દેખાતા ?
ગોપાળાનંદ સ્વામીની તમામ ક્રિયાઓ પાછળ, કેવળ ભગવાનની આજ્ઞા ને મરજી જ હોય છે. સ્વામીને ક્રિયાન્વીત કરનાર જો કોઈ હોય તો, તે છે ભગવાનની ઈચ્છા !માટે..

૧૦. માણસનું સુખ શું છે ?
પોતા દ્વારા જે કાંઈ સારું થયું હોય તેને વાગોળ્યા કરવું, બીજાને કહ્યાં કરવું અથવા તો બીજા પાસે ગમે તે યુક્તિથી સાંભળ્યાં કરવું આ માણસનું સુખ છે.

૧૧. આપણે આકાર રહિત થવાથી શું ફાયદો થાય છે ?
૧.માયાથી પર થવાય છે.
૨.ભગવાનને સંપૂર્ણ આધીન થાવાનું આપોઆપ સહજ બની જાય છે.

૧૨. આપણને જન્મનાં ફેરા કેમ લાગે છે ?
પ્રમાદ નામનો દોષ નડે છે; તેથી કરવાનું નથી કરતા ને બીજુ જ આજીવન કરીએ છીએ. એટલે આ જન્મમાં પૂરું નથી થાતું ને ફેરા ચાલુ રહે છે.

૧૩. શિક્ષાપત્રીનાં ૧૧૬માં શ્લોકમાં ભગવાને શું આજ્ઞા કરી છે ?
ત્રણ ગુણ, ત્રણ અવસ્થાથી પર પોતાનું સ્વરૂપ બ્રહ્મ માનીને ભગવાનની ભક્તિ કરવી.

૧૪. આપણને ભગવાનની જરૂર છે એવું ક્યારે કહેવાય ?
ભગવાન સિવાયનું બીજુ આપણને નડતર લાગે ત્યારે.

૧૫. શામળિયા ચૈતન્યાનંદસ્વામી કોણ હતા ? મહારાજને તે ક્યાં ભેગા થયા હતા.
શામળિયા ચૈતન્યાનંદસ્વામી બંગાળના મહાવિદ્વાન બ્રાહ્મણ હતા. તેઓ જેતપુરની ભાદર નદીએ મહાતરાજને ભેગા થયા હતા.

૧૬. પાંચવાર કથા-વાર્તા કરવાનું કયા બે સંતોએ નક્કી કર્યુ ?
૧.નિત્યાનંદ સ્વામી

૨.ગોપાળાનંદ સ્વામી

૧૭. પાંચવાર કથા-વાર્તા કરવાનો હેતુ શો છે ?
સહુને સમાસ થાય ને ભગવાનમાં હેત થાય, તથા આગળ થનાર મનુષ્યોની પેઢીનું પણ વંશ પરંપરાગત્ શ્રેય થતું રહે, અને અંતે ભગવાનનાં ધામને પામે.આવો વિશાળ હેતું છે.

૧૮. ચેષ્ટાનાં પદો કંઠે કરીને બોલવાથી શું ફળ મળે છે ?
ચારવેદ, ષટ્શાસ્ત્ર, અઢાર પુરાણ અને ભારતાદિક ઈતિહાસ વગેરેને સાંભળવાનું ફળ મળે છે.

૧૯. જીભે ભજન-સ્મરણ કરવાનો આગ્રહ રાખજો. એવો પત્ર કોણે અને ક્યાંથી લખ્યો હતો ?

૨૦. ઉપાસનાનો ભંગ થયો ક્યારે કહેવાય ?
ભગવાનનો આશ્રય રાખે અને બીજા દેવ-દેવીની પણ ઉપાસના રાખે, દોરા-માંદળિયા બાંધે તો એની ઉપાસનામાં ભંગ થયો કહેવાય.

૨૧. ઉપાસનાના ચાર પ્રકાર જણાવો ?
૧. સર્વોપરી ઉપાસના

૨. અનન્ય ઉપાસના(એકની જ બીજાની નહીં)

૩. સાકાર ઉપાસના

૪.અખંડ ઉપાસના

૨૨. ઉપાસના કોને કહેવાય ?
ભગવાનનાં સ્વરૂપમાં અખંડ તૈલધારાવૃત્ત વૃત્તિ રાખવી તેને ઉપાસના કહેવાય.

૨૩. ઉપાસનાનું પરિપૂર્ણ રક્ષણ કર્યું ક્યારે કહેવાય ?
ભગવાનને પળેય ન ભૂલવા એ ઉપાસનાનું પરિપૂર્ણ રક્ષણ કર્યું કહેવાય.

૨૪. માણસનું સ્વરૂપ ક્યારે ઉઘડું પડે છે ?
માણસ સાથે જ્યારે પ્રસંગ પડે, વ્યવહાર પડે, કાંઈક કામ પડે ત્યારે તેનું સ્વરૂપ ઉઘાડું પડે છે.

૨૫. વ્યવહાર અને પ્રસંગ કોઈકની સાથે કરવાથી શું કળાય છે ?
સમજણ

૨૬. કેવી વ્યક્તિ કોઇ દિવસ મહાન ન થઈ શકે ?
પોતાને આવી પડેલા દુઃખના જવાબદાર, જે બીજાને સમજે, પરિસ્થિતિને સમજે તેવી વ્યક્તિ...

૨૭. ગોપાળાનંદ સ્વામી ક્યાંના હતા ? તેઓ વિદ્યાર્થી બનીને કોની પાસે રહ્યા ?
તેઓ ટોડલાનાં ખુશાલ વિપ્ર હતા; ને તેઓ મુક્તાનંદ સ્વામી પાસે વિદ્યાર્થી બનીને રહ્યાં હતાં.

૨૮. મોટાની વાત માનવી હોય તો શું જોઈએ ?
બહુ અભ્યાસ અને તીવ્ર ઇચ્છા.

૨૯. કેવી રીતે સેવા કરીએ તો ભગવાન પ્રસન્ન થાય ?
પોતપોતાનાં ધર્મમાં રહીને સેવા કરીએ તો ભગવાન પ્રસન્ન થાય.

૩૦. કામ, ક્રોધ, લોભરૂપી ભૂત કોને ન વળગે ?
૧.મહારાજને, ૨.ગોપાળાનંદ સ્વામીને, ૩.મુક્તાનંદ સ્વામીને

૩૧. આસ્તિક બુદ્ધિ કોને કહેવાય ?
જે દેખાયું નથી અનુભવાયું નથી તોપણ મૂંઢપણે વિશ્વાસથી માની લેવું. તેને આસ્તિક બુદ્ધિ કહેવાય.

૩૨. નાસ્તિક બુદ્ધિ કોને કહેવાય ?
જે દેખાય, અનુભવાય પછી માને તેને નાસ્તિક બુદ્ધિ કહેવાય.

૩૩. અક્ષરધામને પામવાનો રાજમાર્ગ કયો છે ?
પોતાને અક્ષરધામ માની પોતાનામાં ભગવાન સાક્ષાત્ રહ્યા છે એમ માની ભજન કરવું તે.

૩૪. પ્રભુ આગળ ક્યાં ક્યાં બળ ચાલે છે ?
પ્રભુ આગળ આશ્રયબળ, સમર્પણ બળ, પ્રેમબળ, નિષ્કપટબળ, નિર્દંભબળ અને નિર્માનબળનું ચાલે છે.

૩૫. શ્રેષ્ઠત્તમ મુક્ત ક્યારે થવાય ?
બધામાં મહારાજ જ અનુભવાય ત્યારે શ્રેષ્ઠત્તમ મુક્ત થવાય.

૩૬. ત્રણ પ્રકારનાં મુક્તનાં ભેદ જણાવો ?
૧. જીવન મુક્ત, ૨. વિદેહ મુક્ત, ૩. કૈવલ્ય મુક્ત(અનાદિ મુક્ત)

૩૭. કૈવલ્ય મુક્ત કોને કહેવાય ?
જેમ પૃથ્વી જળમાં રહી છે ને બહાર જણાય છે તેમ કૈવલ્ય મુક્ત તો સદા પરમેશ્વરમાં જ વર્તે છે,જીવે છે અને રહે છે.

૩૮. અક્ષરધામનાં મુક્તો કેવી રીતે વર્તે છે ?
જેમ અતી અજ્ઞાની જીવ દેહને આધીન વર્તે છે તેમ મહા અનાદિ મુક્તો ભગવાનને આધીન વર્તે છે.

૩૯. વશરામ ભક્તના સંકલ્પે ભગવાને શું કામ કર્યુ ?
વશરામ ભક્તના સંકલ્પે ભગવાને લાખો કિડિઓને એક સેકન્ડમાં દેહ મૂકાવી મુક્તાત્માં બનાવીને ધામમાં મૂકી દીધા.

૪૦. અવતાર અને અવતારીનાં સંકલ્પોમાં શું ન્યુનાધિકપણું છે ?
અવાતારીના સંકલ્પ માત્રમાં જ જે તે કાર્ય સિદ્ધ થઈ જાય. અને અવતાર છે તે તો સંકલ્પ કરીને, તે પોતે ક્રિયામાં ભળે ત્યારે કાર્ય સિદ્ધ થાય.

૪૧. ગુણબુદ્ધિવાળો હોય ને સાધુની સેવા-ચાકરી કરતો હોય તે કેવો થાય છે ?
ઈન્દ્ર જેવો.

૪૨. માયાને તરી ગયા ક્યારે કહેવાય ?
ભગવાન અને ભગવાનનાં મોટા પુરુષમાં કોઈ ઘાટ-સંકલ્પ થાય નહિ; એટલે માયાને તરી ગયા કહેવાઈએ.

૪૩. માયા એટલે શું ?
ભગવાન અને ભગવાનનાં મોટા પુરુષનો જેમ છે એમ સ્વીકાર ના થાય એ જે માયા છે.

૪૪. વિકાર ક્યારે નાશ થાય છે ?
ભગવાન અને મોટા પુરુષનાં સ્વીકારથી જ વિકાર નાશ થાય છે.

૪૫. ભેગા(હળીમળી) ક્યારે રહી ન શકાય ?
નિર્માની હોય, રાગદ્વેષ, ઈર્ષ્યા, અહંકાર, અકોણાઈ ઓછી હોય; અને સ્વભાવ દબાવીને જીવતા હોય, ઠરેલ હોય અને ધીર ગંભીર હોય ત્યારે ભેગા રહીને હળીમળીને જીવી શકાય.

૪૬. ભગવાન છેલ્લે પીડા કેમ આપે છે ?
આપણામાં રહેલ મોહ, આસક્તિ ને ખોટ ટાળી હોતી નથી; એટલે ભગવાનને છેલ્લે આ કચાશ ટળાવા રોગ મૂકીને પીડા આપવી પડે છે.

૪૭. ઉપાસના એટલે શું ?
ભગવાનમાં સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તે ઉપાસના છે.

૪૮. અહં કોને કહેવાય ?
પોતાને શ્રેષ્ઠ માનવા અને બીજાને ન્યૂન માનવા તે અહં કહેવાય.

૪૯. જીવ ઘણું બધું જાણે છે છતાં દુઃખી કેમ થાય છે ?
જીવ ઘણું બધું જાણે છે છતા તુચ્છ પદાર્થ સારુ અને તુચ્છ વિષય સારુ જ્યારે આજ્ઞા બારો જાય છે ત્યારે તે દુઃખી થાય છે.

૫૦. આપણું વાસ્તવિક સ્વરૂપ શું છે ?
દાસ, આધિન, ગુલામ અને પરતંત્રપણું.

૫૧. મોટાને રાજી કરવાની રીત શું છે ?
એનાં આગળ દિન આધીન થવું અને હાથ જોડવા તે.

૫૨. ભક્તિની વ્યાખ્યા શું ?
ભક્તિ એટલે ભગવાનને અર્થે કરવું તે.

૫૩. નિર્વિકલ્પ નિશ્ચય કોને કહેવાય ?
એક માત્ર ભગવાનનાં દર્શન ઇચ્છે છે;પણ એ સિવાય બીજું કાંઈ જ ઇચ્છે નહિ; તેને નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય.

૫૪. વિષયમાં દોષ બુદ્ધિ કરવી હોય તો તેનો સહેલો ઉપાય શું ?
ભગાવનનાં સુખમાં દૃષ્ટિ પહોંચાડવી

૫૫. સદા સુખી કોણ રહે ?
જેને કોઈ પદાર્થ જોઈએ જ નહિ તે સદા સુખિયો રહે.

૭૨. કસર ટાળવાનો ઉપાય શું ?
મહાપુરુષનાં વચનમાં વિશ્વાસ રાખવો તે.

૫૬. અંતરમાં સુખ કોને ન આવે ?
જેને પોતાનું ધાર્યું કરવાનો સ્વભાવ હોય તેને.

૫૭. પહેલાં શું કરવું ? અને પછી શું કરવું ?
પહેલા પોતાના આત્માને શુદ્ધ કરવો. પછી ભક્તિ કરવી, બીજાને સત્સંગ કરાવવો ને સત્સંગનું મમત્વ રાખવું આદિક કરવું

૫૮. આધ્યાત્મિક માર્ગની અગત્યમાં અગત્યની વાત કઈ છે ?
ભગવાનની અચળ નિષ્ઠા થાવી તે છે.

59. પક્વ નિષ્ઠા કોને કહેવાય ?
૧. સમુદ્રમાં વહાણ ડૂબતું હોય
૨. વગડામાં દેવ ઈચ્છાએ એકલા પડી ગયા હોઈએ
૩. વળી દેહ પણ અતિ માંદો પડી ગયો હોય અને પોતાની મેળે ક્રિયા કરવાને સમર્થ ન હોય તોપણ કાયર ન થવાય. અને શ્રીજી મહારાજનાં અંતર્યામીપણાનો વિશ્વાસ લેશમાત્ર ગૌણ પણ પડે નહીં તેને પક્વ નિષ્ઠા કહેવાય.

૬૦. નિષ્ઠાની સફળતા શું છે ?
જેને નિષ્ઠા હોય તે પોતે આનંદમાં રહે અને બીજા ને પણ આનંદમાં રાખી શકે.

૬૧. સદા આનંદમાં કોણ રહી શકે ?
જે સાચા સંતો-ભક્તો પાસે સરળ રહે છે અને તે કહે તેમ જ કરે છે અને શુદ્ધભાવના રાખે છે; એ સદા આનંદમાં રહી શકે છે.

૬૨. સ્વભાવ કેમ ટળે ?
મોટા સાથે ગુરુભાવ રાખવો, તેમની સાથે હેત રાખવું, તેમનો વિશ્વાસ રાખવો ને એ કહે તેમ કરવું તો સ્વભાવ ટળે.

૬૩. કઈ બે ગંદકી જીવ સાથે ચોંટેલી છે ?
૧. સ્વભાવ અને વાસનારૂપી

૬૪. ગોપાળાનંદ સ્વામીનો એવો કયો ગુણ છે જે બુદ્ધિશાળી સંતો-ભક્તોને ઉડીને આંખે વળગે ?
પોતાના વખાણ પોતે ન કરવા તે.

૬૫. પાંચ કથા અને પાંચ આરતી વર્ણવો.
૧. મંગળા આરતી પછી કથા થાય.
૨. શણગાર આરતી પછી કથા થાય.
૩. રાજભોગ આરતી પછી બપોરે સંતોની કથા થાય.
૪. સંધ્યા આરતી પછી કથા થાય.
૫. શયન આરતી પછી કથા થાય.

૬૬. ગોપાળાનંદ સ્વામીને શાની રૂચિ હતી ?
ધ્યાનની.

૬૭. ક્યા ત્રણ શબ્દ તાકાતવર છે ?
જ્ઞાન, પ્રેમ અને પ્રાર્થના.

૬૮. ઉપાસનામાંય ખામી હોય અને વાસના પણ હોય; તે કોને પામે છે ?
બ્રહ્માદિકને.

૬૯. અખંડવૃત્તિ કોને રહે છે ?
ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ જેને પક્વ થાય તેને અખંડવૃત્તિ રહે છે.

૭૦. સત્સંગમાં આવ્યા પછી કઠણમાં કઠણ સાધન શું છે ?
એકાંતિકપણું આવવું તે.

૭૧. એકાંતિકપણું કોને કહેવાય ?
ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય સહિત ભક્તિ પક્વ કરવી તેને.

૭૨. સદા સુખી કોણ રહે ?
જેને કોઈ પદાર્થ જ જોઈએ જ નહિ તે.

૭૩. ગોપાળાનંદ સ્વામીની જીંદગી કેવી છે ?
નિર્બંધ, નિષ્પક્ષ, નિરાગ્રહી, ઠરાવરહિત, સરળ જીંદગી છે.

૭૪. ગોપાળાનંદ સ્વામીમાં અહમ્ અને આસક્તિ કેમ નથી દેખાતા ?
ગોપાળાનંદ સ્વામીની તમામ ક્રિયાઓ પાછળ, કેવળ ભગવાનની આજ્ઞા, મરજી દેખાય છે. સ્વામીને ક્રિયાન્વીત કરનાર જો કોઈ હોય તો, તે ભગવાનની ઇચ્છા છે.

૭૫. આપણને જન્મનાં ફેરા ચાલું કેમ રહે છે ?
પ્રમાદ નામનો દોષ નડે છે; આથી કરવાનું નથી કરતા, ને બીજુ આજીવન કરીએ છીએ. એટલે ફેરા ચાલું રહે છે.

૭૬. ભગવાનની જરૂર છે એવું ક્યારે કહેવાય ?
ભગવાન સિવાય બીજું નડવા માંડે ત્યારે.

૭૭. કેવી વ્યક્તિ કોઇ દિવસ મહાન નહી થાય ?
પોતાને આવી પડેલા દુઃખના જવાબદાર જે બીજાને સમજે છે તે.

૭૮. ભગવાન કેવી પ્રાર્થનાથી રીઝે છે ?
સત્ય દિલની અને ઉંડાણથી થતી પ્રાર્થનાથી.પરંતુ પ્રભુ ક્યારેય કપટથી રાજી થાતા નથી.

૭૯. માયા એટલે શું ?
ભગવાન અને ભગવાનનાં મોટા પુરુષનો જેમ છે એમ સ્વીકાર ના થાય એ જે માયા છે.

૮૦. વિકાર ક્યારે નાશ થાય છે ?
ભગવાન અને મોટા પુરુષના સ્વીકારથી જ વિકાર નાશ થાય છે.

૮૧. સત્સંગમાં આવ્યા પછી કઠણમાં કઠણ સાધન શું છે ?
એકાંતિકપણું આવવું તે.

૮૨. વિશ્વાસ કોને કહેવાય ?
મોટાપુરુષ કહે આ તારું ઘર, બાર, પરિવાર કોઇકને દઈ દે, ધૂળમાં

ભેળવી દે તો તે તરત જ દઈ દેવું. ધૂળમાં ભેળવી દેવું તો તેને વિશ્વાસ કહેવાય.

૮૩. સત્સંગ ક્યારે થાય ?
ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવાનો રાત્રી પ્રલય થાય ત્યાં સુધી સત્સંગ કરીએ ત્યારે સત્સંગ થાય.

૮૪. કઈ બે ગંદકી જીવ સાથે ચોંટેલી છે ?
૧. સ્વભાવ, ૨.વાસના

૮૫. જીવને મોટી ભૂલ કોણ કરાવે છે ?
ટોળું.

૮૬. શરીર આધેય છે કારણ ?
કારણકે શરીર આત્માને આધીન છે.

૮૭. પૂરો ભગત કોને કહેવાય ?
આજ્ઞામાં ભંગ અને ઉપાસનામાં ભંગ ન કરે એ ભક્ત પૂરો ભગત કહેવાય.

૮૮. સાચો ઘરધણી કોને કહેવાય ?
ક્ષણેક્ષણ સત્સંગ માટે વાપરે, સૌનો દાસ થઈ દોડાદોડ કરતો હોય, પોતાના શ્વાસોશ્વાસ અને લોહીનો કણેકણ સત્સંગ માટે વાપરે તે સાચો ઘરધણી.

૮૯. જ્ઞાન દશા અને અજ્ઞાન દશા કોને કહેવાય ?
જ્ઞાન દશા એટલે ભગવાનમાં જોડાવું, તેલ ધારાવત ભગવાન સંભારવા. અજ્ઞાન દશા એટલે વિષયમાં જોડાવું અર્થાત્ વિષયમાં રાગ રહે તે.

૯૦. કઠણ શું છે ?
સ્વરૂપમાં રહેવા કરતાં પણ અનુવૃત્તિમાં રહેવું કઠણ છે.

૯૧. સદા સુખિયો કોણ રહે ?
જેને કાંઈ પણ જોઈએ નહિ તે સદા સુખિયો રહે.

૯૨. જ્યારે માણસમાં અભિમાન આવે છે ત્યારે એનામાં શું ફેરફારો થાય છે ?
જીવ સાવ ભગવાનને ભૂલી જાય છે, એનામાં સદ્બદ્ધિ રહેતી નથી, અહંકારી વાણી બોલાવા લાગે છે.. સજ્જનતા ને સંસ્કારો ભૂલી જાય છે

અને અન્યાય, અધર્મ કરે છે. એને એવું થઈ જાય છે કે હું ધારું તે કરી શકું છું.

૯૩. સર્વોપરી ઉપાસનામાં સજાગ રહેવું તેનો અર્થ શું છે ?
ભગવાન સ્વામિનારાયણને અક્ષરધામાધિપતિ પુરૂષોત્તમનારાયણ સર્વ અવતારોનું કારણ સર્વોપરી સમજવા,માનવા એ સર્વોપરી ઉપાસના કહેવાય.સ્વામિનારાયણ ભગવાનને બીજા અવતાર જેવા ન માનવા તેમાંથી બધા અવતારો થાય છે. એ સર્વાવિરભાવ કારણ એવી મહારાજમાં વિશેષતા સમજવી.

૯૪. ભગવાનનો મહિમા સમજવો હોય તેને શું કરવું ?
અવતારોનો,પરમેશ્વરની વિભુતીનો, ભગવાનના અવતારના મુક્તનો, ભગવાનના સંબંધમાં આવ્યા હોય તે દરેકનો; મહિમા લેવાની ટેવ પાડવી અને મહિમાવાળાનો સંગ રાખવો.

૯૫. ગોપાળાનંદ સ્વામી કેવા ચિવટવાળ હતા ?
જાગૃત અવસ્થામાંતો ભગવાન ન જ ભૂલાવા જોઈએ, પણ સ્વપ્નમાં પણ ન જ ભૂલાવા જોઈએ. ખોટા સંકલ્પો કે વ્યર્થ ચિંતવન ન થવું જોઈએ તે ન જ થવું જોઈએ.

૯૬. દોષ ક્યારે ટળે અને ભગવાન ક્યારે મળે ?
દોષ ન ટળે અને ભગવાન મળે; આ બન્ને વાત શક્ય લાગે છે. એટલે દોષે ટળતા નથી, ને ભગવાન મળતા નથી. પરંતુ જ્યારે બંન્ને અશક્ય થઈ જાય ત્યારે દોષ ટળ્યા વિના ન રહે અને ભગવાન મળ્યા વગર ના રહે.

૯૭. સાધ્યને ક્યારે પ્રાપ્ત કરી શકાતું નથી ?
જ્યારે કોઈ પણ વ્યકિત સાધ્ય કરતા સાધનમાં વધારે ભળી જાય પછી સાધ્ય ને પ્રાપ્ત કરી શકતો નથી.

૯૮. મુક્તિમાં ભેદ શું કામ પડે છે.
સમજણ ને ભેદે કરીને વર્તનમાં, અને વર્તનના ભેદ કરીને મુક્તિમાં ભેદ પડે છે.

૯૯. મહિમાની ઓથ લઈને ભક્તે શું ન કરવું જોઈએ ?
મહિમાની ઓથ લઈને ધર્મને ઢીલો અને આજ્ઞાને ગૌણ ન કરવી જોઈએ.

૧૦૦. તરત જ મુક્ત કેવી રીતે થવાય ?
મોટાપુરૂષનો સ્વીકાર થાય તો તરત જ મુક્ત થવાય.

૧૦૧. ભગવાન અને ભગવાનના સંતનો મહાત્મયજ્ઞાને યુક્ત નિશ્ચય કોને કહેવાય.
ભગવાન અને ભગવાનના સંતો જેમ જેમ વઢે એમ રાજી થાય .મને વઢી શક્યા એનો એને અંદરથી આનંદ હોય.એને..

૧૦૨. સ્પીડમાં કલ્યાણ કેવી રીતે થાય ?
મનધાર્યું મૂકીને,મોહ મૂકીને, સત્સંગનો પ્રવાહ ચાલુ છે એમાં ભળી જઈએ; અને ભગવાનને કર્તા માનીને, એમનો વિશ્વાસ રાખીએ અને સત્સંગનો લાભ ન ચૂકીએ તો સ્પીડમાં કલ્યાણ થાય.

૧૦૩. આજ્ઞા પાડવી વસમી કેમ પડે છે ?
આજ્ઞા પાળવામાં વાસનાને ધક્કો લાગે છે. એટલે આજ્ઞા પાળવી વસમી પડે છે.

૧૦૪. આપણો આત્યંતિક આનંદ શું છે ?
મૂર્તિમાન, સર્વનિયંતા, સર્વકર્તા, એવા ભગવાન એનો હું ધારક છું .એવા ભાવમાં જીવવું એજ આપણો આત્યંતિક આનંદ છે. એજ પ્રાપ્તિ છે.

૧૦૫. વાસના નાશ કરવાનો ઉપાય શું છે ?
ત્રણ દેહ, ત્રણ અવસ્થા આદિક માયાનું કાર્ય જે ૫૧નું ટોળું, એથી પર ને અતિશુધ્ધ ને સત્તારૂપ એવો જે પોતાનો જીવાત્મા; તેની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી, તેને વિશે ભગવાનની મૂર્તિ ધારી ધ્યાન ભજન કરવું; એટલે કારણ દેહની વાસના હશે તે નાશ થઈ જશે.

૧૦૬. આપણા જન્મનો હેતું શું ?
ભગવાનમાં જ, ધ્યાન દેવું, રસ લેવો, વૃત્તિઓ રાખવી. ભગવાન તરફ જ ગતિ કરવી, ભગવાનમાં જ સારપ,સુખ શાંતિ અને આનંદ માનવા, એને માટે જ શ્વાસ લેવા ,લોહીનો કણે કણ એના માટે જ વાપરી નાંખવો એ આપણા જનમનો હેતુ છે.

૧૦૭. જીવ જે કરે છે તે શાં હેતુથી કરે છે ? શાં માટે કરવું જોઈ એ ?
જીવ માન-મોટાઈને વિખ્યાતી કરવી, ઉપસવું,બધા મને ઓળખે,સારો

માને; એ માટે કરે છે. માત્ર ભગવાનમાં ડુબી જવાય, માત્ર સંતો-ભક્તોને આનંદ થાય, એ રાજી થાય એ માટે કરવું જોઈએ.

૧૦૮. ગરજુ અને ભૂખ્યા મુમુક્ષુનું લક્ષણ શું ?
મોટા પુરૂષ જે વાત કરે છેઃ- તેનો જીવસત્તાએ સ્વીકાર, તરત એનું અમલીકરણ અને એના માટે પ્રાર્થના થાય…

૧૦૯. વ્યવહારમાં રહીને શ્રીજી મહારાજ કેમ મુખ્ય રહે ?
મહારાજનો જેમ છે તેમ મહિમા સમજાઈ ગયો હોય તો, ભગવાનને મુખ્ય રાખીને, તેમને સમજીને, સ્થિર બુધ્ધિએ, વિચારીને વ્યવહાર કરે તો પરમેશ્વર મુખ્ય રહે.

૧૧૦. ગોપાળાનંદ સ્વામી આ દેહને વિશે કેવળ દુઃખ છે એવું કેવી રીતે બોલે છે.
દેહથી જુદા પડીને.

૧૧૧. આલોકનો મુક્ત કેવો હોય?
તેને માનનું અંગ હોય તેને કોઈ આલોકમાં વખાણે,માન આપે તે એને બહું જ ગમે, જે વખાણે એના ૯૯ અવગુણ મૂકીને એક ગુણ હોય એને બહુ મોટો માને ! અને કોઈમાં ૯૯ સદ્‌ગુણ હોય પણ એને માન ન આપ્યું ,એટલે તેનો એટલો બધો અવગુણ લે તે ૯૯ સદ્‌ગુણ પણ એના ધ્યાનમાં ન આવે. તેને છુપાઈને રહેવું, પોતાના સદ્‌ગુણ ઢાંકીને જીવવું, કોઈ ઓળખી ન જાય એમ જીવવું એ એને ધ્યાનમાં જ નહોય.

૧૧૨. સવાસનીક હોય તે કોને કોને પામે છે ?
સવાસનીક હોય તે મૂળ પુરૂષ ને એથી વધુ સવાસનીક હોય તે પ્રધાનપુરૂષને પામે, ને એથીય વધારે સવાસનીક હોય તે વૈરાજપુરૂષને પામે છે.

૧૧૩. ગુણ બુદ્ધિ કોને કહેવાય ?
કોઈનો ગુણ આવવો તેને ગુણ બુદ્ધિ કહેવાય

૧૧૪. હરિ કો ધાર્યો હોત હે, કોઈકો ન હોત લેશ
ઔર ધાર્યો કરત જીતનો, તીતનો ભુક્તત કલેશ.

૧૧૫. અવતારોનો મહિમા કાઢી નાખવાથી શું થાય ?
અવતારોનો મહિમા કાઢી નાખવાથી, સર્વોપરી મહારાજ છે તે તેટલા નીચે આવી જાય છે.

૧૧૬. જીવના શરીરી કોણ છે ?
પુરુષોત્તમ નારાયણ
૧૧૭. માયાને તરવી એટલે શુ ?
ભગવાનને ભગવાનના મોટા પુરુષમાં કોઈ ઘાટ સંકલ્પ થાય નહીં એટલે માયા તરી ગયા.
૧૧૮. નિર્વિકલ્પ નિશ્ચય કોને કહેવાય ?
એક માત્ર ભગવાનના દર્શન જ ઈચ્છે અને બીજી કોઈ ઈચ્છા કે સંકલ્પ ન થાય; તો તેને નિર્વિકલ્પ નિશ્ચય થઈ ગયો કહેવાય.
૧૧૯. આપણે કોના પર ક્રોધ કરીએ છીએ ?
જે આપણાથી નાના હોય અને આપણું બધું સહન કરી લેતા હોય; તેની આગળ.
૧૨૦. જ્ઞાનદશા એટલે શું ?
ભગવાનમાં જોડાવવું, તૈલધારાવત ભગવાન સંભારવા તે.
૧૨૧. અજ્ઞાન દશા એટલે શું ?
વિષયમાં જોડાવવું, વિષય રાગ રહે, વિષય વારે વારે મેળવવાની, ભોગવવાની ઈચ્છા થાય.
૧૨૨. ભજન સ્વામી ક્યા કેવી ભલામણ કરતા ?
હે ભગવાન ! તમે જ જે જરૂરી હોય તે વાતો કરજો અને મને પણ વાતરૂપી પ્રસાદી આપજો. એવી ભાવનાથી કરતા.
૧૨૩. પ્રમાદ એટલે શું ?
જે સમયે જે કરવાનું હોય તે ના કરે અને બીજુ કરે તે.
૧૨૪. ગુરુજીએ સમજણની વાત ઉપર ગોપાળાનંદ સ્વામીની સાથે બીજા ક્યા હરિભક્તોના ઉદાહરણ આપ્યા છે ?
અરજણભાઈ અને શિવલાલ શેઠ
૧૨૫. કલ્યાણનું પ્રમાણપત્ર
કોઈ પણ મનુષ્ય જુવે તો તે મનુષ્ય ન લાગે બ્રહ્મની મૂર્તિ જ દેખાય એટલે કલ્યાણ થઈ ગયું આ છે કલ્યાણનું પ્રમાણપત્ર.
૧૨૬. આધ્યાત્મિક માર્ગમાં મોટામાં મોટી વાત કઈ છે ?
ભગવાનની અડગ નિષ્ઠા.

૧૨૭. લોયાના ૩ વચનામૃતમાં શાના લક્ષણ આવે છે ?
જેને મહાત્મયજ્ઞાને યુક્ત ભગવાન અને સંતોનો નિશ્ચય છે તેના લક્ષણ આવે છે.

૧૨૮. ભજન સ્વામીના ગુણો.
- તેઓ અંદરથી જીવતા.
- તેઓ પોતે અંદર લડતા હતા.
- પોતાની ખામી પકડી લેતા અને સુધારી પણ લેતા.
- એમને અવગુણ લેવાની ટેવ જ નહોતી.
- પૂ.ગુરુજીમાં એમને નિર્દોષભાવ હતો,
- આપણે જે કાંઈ પણ તૈયારી કરી એ, તે ભગવાનને સાથે રાખીને કરીએ તો એમાં ભૂલ ન પડે.
- કોઈ પણ વસ્તુ સ્વીકારવાની શક્તિ ગજબની હતી.
- એને જે કાંઈ કરતા તે પોતે મુક્ત થાવા કરતા બીજાને બતાવી દેવા નહીં.
- પ્રગટ ભગવાનનો સ્વીકાર કર્યો અને સંતો-ભક્તોમાં મુક્તભાવ સ્વીકાર્યો તેને લઈને મુક્ત થઈ ગયા.

૧૨૯. ગોપાળાનંદ સ્વામીએ દાદા ખાચરને શું સલાહ આપી ?
દાદા ખાચરને કહ્યું : છોકરામાં પ્રીતિ રાખતા નહીં, પણ એમ કર્યું તો દાદા ખાચરને દુ:ખ આવ્યું.

૧૩૦. અક્ષરધામનું વર્ણન કરો.
અધોઉર્ધ્વ સહિત તેજનો સમુહ છે તેમાં વચમાં સિંહાસન છે અને એ સિંહાસનમાં માત્ર મહારાજ જ છે. બધા મુક્તો તેમની સામે હાથ જોડીને ઊભા છે.

૧૩૧. પૂ. ભજનસ્વામી પોતાને શું માનતા ?
- હું તો ભગવાનનું ખાસડું છું ને એ ખાસડાનો જેમ ઉપયોગ કરવો હોય તે કરે.

૧૩૨. ક્યા ધામમાં કોની ઉપાસના થાય છે ?
બદ્રિકાશ્રમમાં - નરનારાયણ
- શ્વેતદ્વીપમાં - વાસુદેવનારાયણ

- વૈકુઠમાં - લક્ષ્મીનારાયણ દેવ
- ગોલોકમાં - રાધાકૃષ્ણ દેવ
- અક્ષરધામમાં - એક પુરુષોત્તમ નારાયણની જ ઉપાસના છે.

૧૩૩. દૃષ્ટારૂપ જે અક્ષરધામ તેમાં ભગવાન છે; તો ભગવાન બહાર કેમ દર્શન આપે છે ?

તે તો ભક્તના ઉપદેશને અર્થ દર્શન આપે છે. પણ ભગવાન રહ્યા છે તો દૃષ્ટાને વિશે જ (અક્ષરધામરૂપ મારામાં જ રહ્યા છે.)

૧૩૪. એમ કરતા જો પંડ પડશે તો આગળ સુખ છે અતિગણું
પણ વ્રત ટેક જો ટાળશો તો ભોગવશો સહુ સહુ તણું,
નહીં તો તમે નચીંત રહેજો કરવું તમારે કાંઈ નથી,
જે મળ્યા છે તમને તે પાર છે અક્ષરથી.'
મારો મુકીને આશરો જે વિષય સુખને વાંછશે,
તે સુખ નહીં પામે સ્વપ્ને પડ્યો તે દુઃખમાં પચશે

૧૩૫. ત્રણ દેહ, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થા દૂર કરી ભગવાનને ભજવાથી ક્યા બે ફાયદા થાય છે ?

૧. માયાનું દાસપણું મટે છે ૨. પુરુષોત્તમનું દાસપણું સિદ્ધ થાય છે.

૧૩૬. ભગવાન પાસે કેવા બળ નથી ચાલતા ?

કપટ, ડહાપણ, વાઈડાઈ, સાધનબળ, શક્તિબળ ચાલતા નથી.

૧૩૭. એકાંતિકપણું કોને કહેવાય ?

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત પક્વ ભક્તિ કરવી તે.

૧૩૮. એકાંતિકપણાનું ફળ શું છે ?

અખંડવૃત્તિ

૧૩૯. જીવની બે દશા કઈ ?

૧. જ્ઞાન(ભગવાનમાં જોડાવું), ૨. અજ્ઞાન(વિષયમાં રાગ રહે તે.)

૧૪૦. નિત્ય પ્રલય કોને કહેવાય ?

રોજ જે ક્ષણ-ક્ષણ પ્રત્યે નાશ થાય છે. તેને નિત્ય પ્રલય કહેવાય.

૧૪૧. " મહારાજનો પત્ર" મહારાજે લખેલ પત્રમાં કઈ-કઈ આજ્ઞાઓ કરી છે?

૧. જીભે ભજન-સ્મરણનો આગ્રહ રાખજો.

૨. સૂતાં-બેઠાં, કામ કરતાં નિશદિન આંખનાં મટકાં જીતજો.
૩. શ્વાસોચ્છવાસે સ્વામીનારાયણનું ભજન કરજો.
૪. નેત્રની વૃત્તિ એકાગ્ર રાખજો.

૧૪૨. આપણાં મનુષ્ય જન્મનો હેતું શું છે ?
ભગવાનમાં જ ધ્યાન દેવું, ભગવાનમાં જ રસ લેવો. ભગવાનમાં જ વૃત્તિઓ રાખવી. ભગવાન તરફ જ ગતિ કરવી. ભગવાનનું જ ગમતું કરવું. ભગવાનમાં જ સારપ, સુખ, આનંદ અને શાંતિ માનવા. બીજે ક્યાં નહિ. એને માટે જ શ્વાસ લેવા. એનાં માટે જ લોહીનો કણેકણ વાપરવો. જીંદગીની ક્ષણેક્ષણ વાપરવી. એ આપણાં મનુષ્ય જન્મનો હેતુ છે.

૧૪૩. જે પોતાનાં માટે ગોઠવેલા ભગવાન સંબંધી આયોજનોને એટેન્ડ ના કરે એને શું નુકશાની જાય છે ?
જે ભગવાન સંબંધી લાભથી વંચિત રહે છે, તેને બહુ મોટી ખોટ જાય છે. તેનાં કુટુંબમાં કુસંગ પેસી જાય છે. એ બધાને આડે-અવળે રસ્તે પગ મુકાય જાય છે. પછી બહુ મોટા દુઃખ આવે છે.

૧૪૪. ગાફલ માણસ કેવો હોય છે ?
ગાફલ માણસને ક્યાંય સુખ હોતું નથી. ગાફલ માણસ આ લોક-પરલોકમાં સદાય હેરાન થાય છે, દુઃખી થાય છે.

# ખાલી જગ્યા પૂરો

૧. જે જેટલું ધાર્યું કરવા જશે, તેટલો તે ક્લેશ ભોગવશે.

૨. અભિમાની માણસ ખૂબ દુઃખી થાય છે અને બીજાને પણ દુખી કરે છે.

૩. માણસ થોડી સમજણ કેળવે નિરાગ્રહી બની શકતો જ નથી. તેના માટે બહુ બધી સમજણ કેળવવી પડે છે.

૪. પૂ. ગોપાળાનંદ સ્વામીને અખંડ બ્રહ્મરૂપે વર્તીને પ્રભુપ્રેમમાં ગળાડૂબ રહેવાનો આગ્રહ હતો.

૫. સંતોએ જીંદગી જીવવી હોય તો ગોપાળાનંદ સ્વામીના જેવી જીવવી.

૬. અખંડ પરમાત્મામાં પ્રેમ કરી શકીએ એ જ આવડત કે કળાનું ફળ છે.

૭. અખંડ ભગવાન સાંભરે એ બુદ્ધિનું ફળ છે.

૮. કોઈના ડોળમાં ભળવું એ અહંકારનું ફળ છે, સ્વશ્રેષ્ઠતાનું ફળ છે.

૯. ગોપાળાનંદ સ્વામી દાસત્વની પરાકાષ્ઠા સમાન હતા.

૧૦. સેવા કરવાથી માન ન આવે તેના માટે ભગવાનને કર્તા માનવા.

૧૧. જીવથી જે કાંઈ થાતું હોય છે તેને શરૂ કરાવનાર અને તેમાં જોડી રાખનાર માન અને આસક્તિ એ બે જ તત્વો છે.

૧૨. આજ્ઞાથી કરે તે તો કોઈક મોટા જીવ હશે; તેમનાથી થાય છે.

૧૩. દુનિયામાં જેટલા દુઃખી થયા છે તે ગેરસમજણે કરીને દુઃખી થયા છે અને સુખી થયા છે તે સવળી સમજણને લઈને સુખી થયા છે.

૧૪. અહં નહીં તો મમતા નહીં.

૧૫. જીવ આહાર ને આધાર વિના રહી શકતો નથી. એવું ભાગવતમાં ને બીજા શાસ્ત્રોમાં લખ્યું છે.

૧૬. 'ગુણ ઢાંકે તેનું નામ સાધુ' આ વાક્ય જેતપુરના પૂ.હરજીવનદાસજી સ્વામીએ પૂ.ગુરુજીને કહ્યું હતું.

૧૭. સમજણ અનુસારે રૂચી થાય અને રૂચી અનુસારે વર્તન થાય છે.

૧૮. ગાફલાઈ એ અજ્ઞાનનું બહુ મોટું ફળ છે.

૧૯. ભગવાનના સ્વરૂપમાં તેલધારાવૃતિ રાખવી તેને ઉપાસના કહેવાય.

૨૦. ભગવાનને પળેય ન ભૂલાય; એ આપણે ઉપાસનાનું પરિપૂર્ણ રક્ષણ કર્યું કહેવાય.

૨૧. કોઈ પણ દેવદેવીને નાના માનવા તે આપણું હલકાપણું છે.

૨૨. કર્મ સમજણ પ્રમાણે જ થાય છે.

૨૩. જેને જે મળેલું છે તે તેની સમજણનું ફળ છે.

૨૪. પોતાને આવી પડેલા દુઃખના જવાબદાર જે બીજાને સમજે છે તે કોઈ દિવસ મહાન થાશે નહીં.

૨૫. જેનામાં હેત થયું હોય તેનો અવગુણ ન આવે.

૨૬. મોટાપુરુષની વાત માનવી હોય તો અભ્યાસ અને તીવ્રઈચ્છા જોઈએ.

૨૭. સુખ તો મહારાજનું સ્વરૂપ જ છે.

૨૮. દેહનું સુખ પણ દુઃખ જ છે.

૨૯. મહિમા થી મહિમા વધે છે.

૩૦. જેને મહિમા લેવાની ટેવ હોય તેનાથી જ મહિમા વધે.

૩૧. વિવેકથી સમજીને જેટલું કરીએ એમાં ભગવાન રાજી થાય.

૩૨. ગાફલ માણસને ક્યારેય સુખ હોતું નથી.

૩૩. સહ્ય હોય એ થાય નહીં ને અસહ્ય હોય એ થયા વગર રહે નહીં.

૩૪. દોષનો યોગ અને ભગવાનનો વિયોગ જ્યાં સુધી સહન થાશે ત્યાં સુધી નહીં દોષ જાય અને નહી ભગવાન પ્રાપ્ત થાય.

૩૫. પોતા ઉપર પ્રયોગ કરે તે માણસ હોશિયાર કહેવાય.

૩૬. માણસ સમજણથી સુખી રહી શકે છે.

૩૭. પ્રેમ આપણને પ્રભુના આનંદમાં રસતરબતર રાખે છે.

૩૮. માણસ પ્રાર્થનાથી પ્રભુને પીગાળી શકે છે. શરત એટલી કે, તે દીલથી ને ઊંડાણવાળી હોવી જોઈએ.

૩૯. ભગવાનને ક્યારેય છેતરીને પ્રાપ્ત કરી શકાતા નથી.

૪૦. જે ભગવાન કહે તેમ જ કરે અને ભગવાનના વચનમાં રહે તે અક્ષરધામના મુક્ત છે.

૪૧. પોતાનામાં કોઈ ખામી ન હોય પણ ઉપાસ્યસ્વરૂપ જો નાનું હોય તો તે કોઈ દિવસ મોટો થઇ શકે નહીં.

૪૨. આત્મા આ દેહનો વ્યાપક છે અને દેહ વ્યાપ્ય છે.

૪૩. આ દેહ જ આત્માને આધીન છે પણ આત્મા દેહને આધીન નથી.

૪૪. શરીર ક્ષેત્ર કહેવાય અને આત્મા ક્ષેત્રજ્ઞ કહેવાય.

૪૫. સર્વાઅવતારી તમે પુરુષોત્તમ મળ્યા પછી મૂળીયાને જ વળગી પડાયને બાપ .. આ વાક્ય પર્વતભાઈ બોલ્યા હતા.

૪૬. ઉપાસના દૃઢ હોય અને ધર્મની કસર હોય તો મૂળ પુરુષ ને પમાય છે.

૪૭. ગુણબુદ્ધિવાળો હોયને સાધુની સેવા ચાકરી કરતો હોય તો તે ઇન્દ્ર જેવો થાય છે.

૪૮. વચનામૃત સમજવું હોય તો ગોપાળાનંદસ્વામીની વાતો વાંચવી જરૂરી છે.

૪૯. ભગવાન ને ભગવાનના સંતનો મહાત્મય યુક્ત નિશ્ચય રાખવો. તે વાત વચ.લોયા-૩ માં છે.

૫૦. ભગવાનને ભગવાનના સંતનો મહાત્મયે યુક્ત નિશ્ચય કરવો; એ મોટામોટાને પણ ફીણવાળી દે એવું કઠણ કામ છે.

૫૧. ભગવાન અને ભગવાનના સંતો માયા પર છે.

૫૨. ભગવાન અને ભગવાનના સંતનો જેમ છે તેમ સ્વિકાર ના થાય તેનું જ નામ માયા

૫૩. આપણામાં જેટલી કસર અને નબળાઈ છે. તે નિષ્ઠાની ખામી ને લઈને છે.

૫૪. જેટલી શ્રી હરિની નિષ્ઠા થશે એટલું કલ્યાણ થશે.

૫૫. ધનમાં જો વાસના હશે તો ભગવાન કુબેરભંડારી બનાવશે.

૫૬. સ્ત્રીની વાસના હશે તો કામરૂ દેશમાં જવું પડશે.

૫૭. નિષ્ઠા અધુરી રહી તો ગોલોક અને એથી ઓછી રહી તો વૈકુંઠ મળશે.

૫૮. ભગવાન અને મોટાપુરુષના સ્વીકારથી જ વિકાર નાશ થાય છે.

૫૯. ભગવાન પુરુષોત્તમ નારાયણ અને તેમના સંતોનો નિશ્ચય અને કેફરૂપી નિભાડાથી આપણે પાકી જવાના.

૬૦. પરમહંસથી જે જીવ જુદો થાય તેને માયા ફાડી ખાય છે.

૬૧. અંતકાળે ભગવાન અને ભગવાનના સંતો-ભક્તો સહાયરૂપ થાય છે.

૬૨. કસર ટાળવા ભગવાન પીડા આપતા હોય છે.

૬૩. પોતાને શ્રેષ્ઠ માનવો ને બીજાને ન્યૂન માનવા તે અહમ કહેવાય.

૬૪. ભક્તિ રે કરવી તેને રાંક થઈને રહેવું. ને મેલવું અંતરનું અભિમાન એ ગંગાસતીનું કીર્તન છે.

૬૫. ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી તેને ઉપાસના કહેવાય.

૬૬. ગોપાળાનંદસ્વામી કહે શિક્ષાપત્રી લોપાય તો બ્રાહ્મણ માર્યા જેટલું વસમું લાગે. તો શિક્ષાપત્રી પળે.

૬૭. શ્રેષ્ઠ માણસને તો આબરૂ જાય એ જ દુઃખ છે.

૬૮. મહારાજ આપણું જેટલું ઢાંકે છે; તેટલું ઢાંકવાવાળું બીજું કોઈ નથી

૬૯. આપણે ભગવાનને કતા-હર્તા જાણ્યા હોય તો શિક્ષાપત્રી લોપાય નહી.

૭૦. સ્વભાવ ટાળવા હોય તેને મોટાને માથે ગુરુ રાખવા.

૭૧. સ્વભાવ ટાળવા હોય તો બરોબરીયાપણું રાખવું નહીં.

૭૨. મોટા સંત તથા ભક્ત કહે તેમ કરે ત્યારે જીવ પવિત્ર થાય છે; અને સ્વભાવ ટળે છે.

૭૩. વાસના અને સ્વભાવ એ બે મોટામાં મોટી ગંદકી જીવ સાથે ચોંટલી છે.

૭૪. જ્યારે ભગવાનના ભક્ત હું આત્મા છું, એમ માને તો પુરુષોત્તમ નારાયણ એનામાં રહ્યા જ છે.

૭૫. આત્માને દેહ નો સંબંધ રહે છે. બ્રહ્મને કર્તૃત્વ નો સંબંધ રહે છે.અને અક્ષરધામને પુરુષોત્તમ નો સંબંધ રહે છે.

૭૬. જ્ઞાન દશા અન અજ્ઞાન દશા એ સત્પુરુષનો સમાગમ કરવાથી સમજાય છે.

૭૭. ભગવદ્ ઉપાસના માટે દેહભાવ પાત્રતા જ નથી.

૭૮. જેમ છે તેમ જ્ઞાન થાય ત્યારેજ સ્વભાવ ટળે.

૭૯. ભગવાનના સંત તથા ભક્ત સાક્ષાત બ્રહ્મની જ મૂર્તિ છે.

૮૦. વસ્ત્રે સહિત ભગવાનને સંભારીએ તે ઉપાંગ ધ્યાન છે.

૮૧. અંગે સહિત સંભારીએ તે સાંગધ્યાન છે.

૮૨. ભગવાનને ભક્તોએ સહિત સંભારીએ તે સપાર્ષદ ધ્યાન છે.

૮૩. દેહાભિમાન બહુ મોટામાં મોટા દોષ છે.

૮૪. સંસાર સ્વાર્થના પાયા ઉપર ચાલે છે; ને સત્સંગ સમર્પણના પાયા ઉપર ચાલે છે.

૮૫. ભગવાનમાં ધ્યાન એનું નામ કલ્યાણ અને બીજે ધ્યાન એનું નામ કઠણાઈ.

૮૬. કુબેર પાસેથી રાવણે પુષ્પક વિમાન લઈ લીધું હતું.

૮૭. ઈચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ ને ક્રિયાશક્તિ એ ભગવાનને વિશે છે.

૮૮. ભગવાનની કર્તૃત્વ શક્તિના અવલંબન વિના જીવ કાંઈ કરી શકતો નથી.

૮૯. ઈચ્છાનો ત્યાગ એટલે સુખ અને શાંતિની શરૂઆત. અને ઈચ્છાની શરૂઆત એટલે દુઃખ ઉદ્વેગ અને અશાંતિની શરૂઆત.

૯૦. અતિ અંધારુ અતિ નિકટનો પરિચય અને એકાંત એ દુઃખનું કારણ છે.

૯૧. ભગવાનને ભગવાનના સંતનો મહાત્મયજ્ઞાને યુક્ત નિશ્ચય હોય તો ભગવાનને અર્થે બધુ થાય.

૯૨. ભગવદ્‌નિષ્ઠાવાળો માણસ મોતને જોઈને રાજી થાય છે; પણ દુઃખી નથી થતો.

૯૩. ભગવદ્‌આશ્રય વિના કલ્યાણ શ્કય નથી.

૯૪. ભગવાન ને ભગવાનના સંતો-ભક્તો દિવ્ય ચૈતન્યની મૂર્તિ છે, એ વાત ભજન સ્વામીમાં સાક્ષાત દેખાતી હતી.

૯૫. જો પ્રગટભાવ નહીં રખાય તો નાસ્તિકભાવ આવશે.

૯૬. મહારાજે વચનામૃતમાં મુક્તિ કરતાં પ્રસન્નતાને અધિક પ્રાપ્તિ કીધી છે.

૯૭. જગતમાં જ્ઞાની અને વિશ્વાસી એ બે જ સુખી છે.

૯૮. દાદખાચરને ભગવાન પ્રધાન હતા.

૯૯. જીવાખાચરને વ્યવહાર પ્રધાન હતો.

૧૦૦. એકાંતિકપણાનું સીધુ ફળ અખંડવૃત્તિ છે.

૧૦૧. આજ્ઞા પાળવી એ જ ભગવાનનો આશ્રય કર્યો કહેવાય.

૧૦૨. સત્પુરુષોમાં હેત અને વિશ્વાસ થાય ત્યારે તે કહે તેમ મનાય અને વચન પળાય છે.

૧૦૩. અક્ષરધામમાં બે ચરણની જ ઉપાસના છે.

૧૦૪. સર્વ અજ્ઞાનનું મૂળ દેહાભિમાન છે.

૧૦૫. દેહની વાસના નિર્મુળ થઈ ગઈ પછી રત્નાભક્ત સાધુ થયા તેનું નામ વિજ્ઞાનદાસજીસ્વામી આપ્યું.

૧૦૬. સાક્ષરતા અભિયાન ભગવાન સ્વામિનારાયણે ૨૦૦/વર્ષ પહેલા પ્રવર્તાવ્યું હતું.

૧૦૭. વસ્ત્રે સહિત ભગવાનને સંભારીયે તે ઉપાંગ ધ્યાન છે.

૧૦૮. અંગે સહિત સંભારીએએ સાંગધ્યાન છે.

૧૦૯. ભક્તને ભ.ના ભક્તો સંભારીએ સપાર્ષદ ધ્યાન છે.

૧૧૦. રાજા ભરતસિંહ અજનાબ ખંડના રાજા હતા.

૧૧૧. રાવણને પાંચ લાખ નું કુટુંબ હતું.

૧૧૨. કુબેર પાસેથી રાવણે પુષ્પકવિમાન લઈ લીધું હતું

૧૧૩. અમરાપુરી આખી વિશ્વકર્મા ના પ્લાન માં રચાયેલી છે.

૧૧૪. શુકાનંદ સ્વામી ભગવાનનો જમણો હાથ હતા.

૧૧૫. બ્રહ્માનંદ સ્વામી ગોપાળાનંદ પાસે બાળકની પેઠે રહેતા.

૧૧૬. ભગવદ્ આશ્રય વિના કલ્યાણ જન્મતું નથી.

૧૧૭. શ્રી હરિની નિષ્ઠા જોરદાર થશે ત્યારે દેહની નિષ્ઠા નહિ રહે.

૧૧૮. ભગવદ્નિષ્ઠામાં આત્મા રાચે તો તે દેહના સુખને ગણે જ નહી.

૧૧૯. ગોપાળાનંદસ્વામી, પુરુષોત્તમને આધીન રહેવું તેને દાસત્વની પરાકાષ્ઠા ગણે છે.

૧૨૦. જીવને ભક્તિ કરવી તેમાં પણ માનનો સ્વાદ આવે તો જ કરે છે.

૧૨૧. અહં-આશક્તિ નાશ થઈ જાય તો જીવને કર્મ જ ન રહે.

૧૨૨. કોઈક મહાન જીવ જ આજ્ઞાથી કર્મ કરે છે. બાકીના જીવો તો અહંકારથી અથવા આસક્તિથી કર્મ કરે છે.

૧૨૩. જેનું આપણને જ્ઞાન થયું હોય તેની જ આપણને સ્મૃતિ થાય છે.

૧૨૪. વ્યવહાર પડે એટલે સમજણની ખબર પડે.(વ્યવહાર,પ્રસંગ)

૧૨૫. જેને જે જે મળ્યું છે તે તેની સમજણનું ફળ છે.(સમજણ,બુદ્ધિ)

૧૨૬. મોક્ષને માર્ગે ચાલેલ સ્ત્રીને પુરુષ, અને પુરુષને સ્ત્રી બંધનરૂપ છે.

૧૨૭. ગાફલ માણસને ક્યારેય સુખ હોતું નથી. અને તે લોક-પરલોકમાં દુઃખી થાય છે.

૧૨૮. સ્વપ્ન મોળું ન આવવા દેવું હોય તો, જાગ્રતમાં પણ જાગતા રહેવું.

૧૨૯. દોષનો યોગ અને ભગવાનનો વિયોગ સહન થશે ત્યાં સુધી ભગવાન નહિ મળે.

૧૩૦. શુદ્ધ ભક્તિ કરવી એ ખાંડાના ખેલ જેવી કઠણ વાત છે.

૧૩૧. ભગવાન મારામાં જ રહ્યા છે માટે હું જ અક્ષરધામ છું.

૧૩૨. પ્રાર્થનાથી પ્રભુ પીગળી શકે છે.

૧૩૩. આપણાથી ન્યૂન હોય તેનું અપમાન ન કરવું

૧૩૪. ભગવાન અને ભગવાનના ભક્તનો સ્વીકાર થઈ જાય તો આપણે મુક્ત થઈ જઈએ.

૧૩૫. નિશ્ચયની વાત અટપટી છે

૧૩૬. ભગવાન અને ભગવાનના સંતો-મુક્તો દિવ્ય છે ત્યાં ગણિત નથી ચાલતું.

૧૩૭. પંચભૂતનું શરીર એ માયાનો મોટો લોંચો છે.

૧૩૮. પ્રારબ્ધ ટળે ત્યારે દેહ ટળે.

૧૩૯. જ્ઞાન જેમ બીજાને આપો તેમ વધે છે.

૧૪૦. જેમાં હેત ન હોય તેનો અભાવ આવે.દેહમાં સુખ તો દેહાભિમાની ને થાય.

૧૪૧. શુકદેવજીએ ૭ દિવસમાં પરિક્ષિતનો ઉદ્ધાર કર્યો.

૧૪૨. પતિવ્રતા ગોપીઓની પેઠે પતિભાવે શ્રીકૃષ્ણભગવાનનો ભજન કરવું.
૧૪૩. આત્મનિષ્ઠાનું અંગ એનું બીજું નામ જ્ઞાનનું અંગ છે. (જ્ઞાન, વિશ્વાસ)
૧૪૪. દાસપણાનું અંગ એનું બીજું નામ વિશ્વાસનું અંગ છે. ( વિશ્વાસ , પ્રેમ)
૧૪૫. પતિવ્રતાનું અંગ એનું બીજું નામ પ્રેમનું અંગ છે. (પ્રેમ, જ્ઞાન)
૧૪૬. ભગવાનની આજ્ઞા પળ્યાનું અંગ વિશ્વાસનું અંગ કહેવાય છે.
૧૪૭. ડોળમાં ભળવું એ અહંકારનું ફળ છે. સ્વશ્રેષ્ઠતાનું ફળ છે.
૧૪૮. સમજણ નોખી તો સ્થાન પણ નોખા.
૧૪૯. સત્સંગમાં આવ્યા પછી કઠણમાં કઠણ સાધન એકાંતિકપણું આવવું તે છે.
૧૫૦. આજ્ઞામાં રહેવું એનું નામ જ આશ્રય કર્યો કહેવાય.
૧૫૧. સંત બ્રહ્મની મૂર્તિ છે.
૧૫૨. સ્વભાવવાળા જીવ અપવિત્ર કહેવાય
૧૫૩. મોટાનો સિદ્ધાંત અને મોટાનું હૃદય જાણવું કઠણ છે.
૧૫૪. નબળી ટેવોથી આપણને બહુ મોટું નુકશાન થાય છે.
૧૫૫. સારી ટેવોથી આપણને સુખ શાંતિ આદિ વિધવિધ ફાયદાઓ થાય છે.
૧૫૬. અભ્યાસથી ગમે તેવી ટેવ પડે છે.
૧૫૭. લીંગ દેહનો ભંગ થયા વિના અક્ષરધામમાં ન રહેવાય
૧૫૮. વાસના અને સ્વભાવ એ બે મોટામા મોટી ગંદકી છે.
૧૫૯. સવળુ લેવાનું જ્ઞાન થાય ત્યારે બધા દોષો ટળે છે.
૧૬૦. દાસમતિ થયા વિના કલ્યાણ થતું નથી.
૧૬૧. મનધાર્યુ કરવાની ટેવવાળાને અર્ધબળેલા કાષ્ટની ઉપમા વચ.માં આપી છે.
૧૬૨. જેમ સ્વીકાર વધતો જાય તેમ મુક્તત્વ વધતું જાય છે.
૧૬૩. ભગવાનની ઈચ્છા વિના કોઈ ગો.સ્વામીને સંકલ્પ પણ ન કરવી શકે.
૧૬૪. સમજણ પક્વ થાય તેને સ્થિતિ કહેવાય
૧૬૫. ગોપાળાનંદસ્વામીને મહારાજનું સુખ મળી ગયું હતું તેથી તેમને બીજા સુખની રુચિ જ ન હતી.

૧૬૬. ભગવાનને તેજ માને પણ મૂર્તિમાન ન માને તો ઉપાસનામાં ભેદ છે.

૧૬૭. ભગવાનના સ્વરૂપમાં અખંડ ધ્યાનથી તેલધારાવૃત વૃત્તિથી નજીક રહેવું એટલે આસન.

૧૬૮. મોટા પુરુષની વાત માનવા માટે તીવ્ર ઈચ્છા હોવી જોઈએ.

૧૬૯. તુચ્છતાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

૧૭૦. રૂડા દેશકાળમાં ભગવાન સ્વરૂપમાં રહેવું એજ આત્મરૂપ છે.

૧૭૧. ભગવાનને ભૂલીને અહંકાર કરે એ માણસ પછડાય છે.

૧૭૨. દેહના વિશે કેવળ દુઃખ જ છે.

૧૭૩. ભગવાનને ભગવાનના સંતો માયા પર છે.

૧૭૪. વૈકુંઠનાથ આ લોકમાં ૧૧,૦૦૦ વર્ષ રહ્યા હતા અને ગોલોકપતિ ૧૨૫ વર્ષ રહ્યા.

૧૭૫. ભજન સ્વામીને ગુરુજીમાં નિર્દોષ ભાવ હતો.

૧૭૬. ગોપાળાનંદ સ્વામીમાં દાસત્વ બેહદ હતું.

૧૭૭. સૌથી વધુ નુકસાન નેત્ર ઈન્દ્રિય કરે છે.

૧૭૮. સારી સમજણ હોય તો ફળ સુખદાયી મળે.

૧૭૯. આ જગતને શાસ્ત્રોમાં કઠપુતળી કહ્યું છે.

૧૮૦. આ દેહ શરીર અને આત્મા શરીરી છે.

૧૮૧. દિવ્યભાવ કેળવવામાં આડોગઢ મનુષ્યભાવ છે.

૧૮૨. ભગવાનની કર્તૃત્વ શક્તિના અવલંબન વિના જીવ કાંઈ કરી શકે નહીં.

૧૮૩. ભગવાન વચનામૃતમાં મુક્તિ કરતાં પ્રસન્નતાને અધિક પ્રાપ્તિ કહી છે.

૧૮૪. સુખ દુઃખ રૂપી નદી આત્મનિષ્ઠા વાળો તરી જાય છે.

૧૮૫. સાધુ બ્રહ્મચારી પાળા સુણી લેજો રે, ગોપાળ સ્વામીની આજ્ઞામાં રહેજો રે.

૧૮૬. આત્મા આ દેહનો વ્યાપક છે અને દેહ વ્યાપ્ય છે.

૧૮૭. ચાર દેહ અને તેને કોની સાથે સંબંધ છે તે જણાવો

- સ્થુળ દેહને ક્રિયા સાથે સંબંધ છે.
- સુક્ષ્મ દેહને વિચાર સાથે સંબંધ છે.

- કારણ શરીરને પંચવિષયની અવ્યક્ત વાસના સાથે સંબંધ છે.
- મહાકારણ શરીર(લીંગ શરીર)ને કર્તૃત્વના અહંકાર સાથે સંબંધ છે.

૧૮૮. રચના નો તિરસ્કારએ રચયિતાનો તિરસ્કાર છે.

૧૮૯. દેવળિયાગામમાંવિદ્વાનબ્રાહ્મણોએગોપાળાનંદસ્વામીનીઠેકડીકરીહતી.

૧૯૦. આ દિવ્ય સત્સંગમાં બધે જ અણસમજુને દુઃખ અને સમજુને સુખ આવે છે.

૧૯૧. ખુશાલ વીપ્ર (ગોપાળાનંદ સ્વામી) ઘરનો ત્યાગ કરીને આદરજગામ આવ્યા ત્યારે તેઓ વિધાર્થી બનીને મુક્તાનંદ સ્વામી પાસે રહેતા.

૧૯૨. રચનાનો તિરસ્કાર એ રચયિતાનો જ તિરસ્કાર છે.

૧૯૩. ભગવાન ભૂલાય તો તાળવું ફાટી જાય એ કૃપાનંદસ્વામી બોલ્યા હતા.

૧૯૪. જે દેખાય, અનુભવાય  પછી માને તે નાસ્તિક બુધ્ધિવાળો કહેવાય.

૧૯૫. ઉપાસનામાંય ખામી હોય અને વાસના પણ હોય તો ધર્મમાં પણ ખામી હોય તો તે બ્રહ્માદિક ને પામે.

૧૯૬. આત્મભાવ , બ્રહ્મભાવ ને અક્ષરધામનો ભાવ તે સત્પુરૂષમાં હેત થયા વિના સમજાય નહી.

૧૯૭. મોટાનો સિધ્ધાંત અને મોટાનું  હૃદય જાણવું કઠણ છે. એ વાક્ય ગુણાતિતાનંદ સ્વામી નું છે.

૧૯૮. સરધારમાં રાજા તુંગજીતને વાત કરતા મહારાજે અર્થમાં ૧૫ અનર્થ રહ્યાં છે તે વિષેની વાત કરી.

૧૯૯. કુટેવો ટાળી ટળે ને સુટેવો પાડી પડે વાક્ય ગોપાળાનંદ સ્વામી નું છે.

૨૦૦. સૌથી વધુ ઐશ્વર્ય આ બ્રહ્માંડમાં આવીને જો કોઈએ વાપર્યું હોય તો એક સ્વામિનારાયણ ભગવાન અને બીજા નંબરે ગોપાળાનંદ સ્વામી છે.

૨૦૧. ભગવાન સ્વમિનારાયણે જો રહસ્યાત્મક સમજણ કે જ્ઞાન કોઈને આપ્યું હોય તો તે ગોપાળાનંદસ્વામી છે.

૨૦૨. પ્રેમાનંદસ્વામીને ગોપાળાનંદ સ્વામીએ ચેષ્ટાના પદો કરવાની આજ્ઞા કરી ( સંવત ૧૯૦૭માં).

૨૦૩. ગોપાળાનંદ સ્વામીમાં કળા અને સત્તા છે એ વાત પરમચૈતન્યાનંદ સ્વામી એ લખી હતી

૨૦૪. આત્મભાવ , બ્રહ્મભાવ ને અક્ષરધામનો ભાવ તે સત્પુરૂષમાં હેત થયા વિના સમજાય નહી.

૨૦૫. ગોપાળાનંદ સ્વામીએ જામનગરમાં હાકલ કરીને કીધુ કે છોકરાઓની સોબત સાધુ સંતોએ  રાખવી નહી.

૨૦૬. દાસ થાશું ત્યારે આપણો પ્રવેશ ભગવાનમાં થાશે અને ભગવાનનો આપણામાં આવીર્ભાવ થશે.

૨૦૭. કામ,ક્રોધ,લોભને નરકના દ્વાર કહ્યા છે.

૨૦૮. સ્વભાવ ટળે ત્યારે જીવ પવિત્ર થાય છે. (પવિત્ર, અપવિત્ર)

# શ્રીગોપાળાનંદસ્વામીની વિશેષતા

# આધ્યાત્મિક પરીક્ષા-૧

**નોંધ: કુલ ૧૦૦ માર્કનું પેપર રહેશે જેમાં નીચે આપેલ કોર્ષમાંથી ૧૪ માર્કનું પૂછાશે તેમજ બાકીનું ૮૬ માર્કનુ આ સાથે મૂકેલ ઓડિયો ફાઈલમાંથી પૂછાશે.**

**પરીક્ષા તારીખ : ૨૮/૦૭/૨૦૧૯ ને રવિવારે ૩ થી ૫ દરમિયાન લેવામાં આવશે.**

## સવિસ્તાર જવાબ આપો : (આ વિભાગમાંથી કુલ ૮ માર્કસનું આવશે.)

૧. વડતાલથી ઉના જતી વખતે રઘુવીરજી મહારાજના પ્રશ્નનું કઈ રીતે સમાધાન થયું?

જ- રઘુવીરજી મહારાજ વડતાલથી ઉના જતા વચ્ચમાં ડુંગરપુર ગામમાં રાત રોકાયા;સાથે નિત્યાનંદ સ્વામી પણ હતા. તેમને એમ લાગ્યું કે, સાંખ્યયોગી બહેનો અને સાધુ,પાળા સાથે ચાલે તે સારું નહીં. એમ સમજી નિત્યાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું કે, ગાડીવાળા નહીં, કાં તો અમે નહીં. ત્યારે રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને બોલાવ્યા. અને ઉપરનું બધું જણાવ્યું. ત્યારે સ્વામીએ કહ્યું, શ્રીજી મહારાજ સારું કરશે. અત્યારે બધા સૂઈ જાઓ. માથે ધણી બેઠા છે ને ? તે સારું કરશે. પછી રાત્રે બે વાગ્યે નિત્યાનંદ સ્વામી જાગ્યા અને કહે ગાદીવાળા આગળથી જાય અને તેમની સાથે ૧૦ પાર્ષદો જાય. ત્યારબાદ એક કોષ દૂર સંતોએ ચાલવું; તેમાં બાધ નહીં. તેમ સહુને આજ્ઞા કરી અને બધાને જગાડ્યા. આમ પ્રશ્ન હલ થઈ ગયો. ત્યારબાદ રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને વંદન કર્યા અને કહ્યું, સ્વામી તમે ન હોત તો શું થાત ? ગોપાળાનંદ સ્વામી કહે, મહારાજશ્રી, નિત્યાનંદ સ્વામી તો સમર્થ સંત છે, તે મહારાજે તેમને પ્રેરણા કરી એટલે બધું સારું થઈ ગયું.

૨. ઉપલેટાના લાલાભાઈના સમજણનો પ્રસંગ વર્ણવો.

જ - ઉપલેટામાં લાલાભાઈ રહેતા હતા. તેમની દીકરીને જોવા મહેમાન આવ્યા. ત્યારે દીકરી દૂધ લઈને આવી. પછી તે જતી રહી. મહેમાન બોલ્યા, દીકરીને મોઢે લાખું છે; ત્યારે તેના પિતા કહે, હશે ! એટલે મહેમાનને ખોટું લાગ્યું કે, તમને ખબર નથી ? ત્યારે તેના પિતા કહે, મને ખરેખર ખબર નથી. ખબર હોય તો ભગવાન મારું કલ્યાણ ના કરે ! પછી બધાં નીચું જોઈ ગયાં.

૩. ગોપાળાનંદસ્વામીની આગવી રુચિ-સમજણની વિશેષતા લખો.

જ- ગોપાળાનંદ સ્વામી કહે, મહારાજ મને પૃથ્વી પર દેહ ધર્યાનુ કહે; તો હું,એવા ગરીબ બ્રાહ્મણને ઘેર જન્મ લઉ કે, જે વેદને ભણેલો હોય ને ધર્મવાળો હોય, વળી માટીના વાસણ હોય ને માંગીને પેટ ભરવું પડે. તેથી કોઈ કન્યા પણ ના આપે ! એટલે તરત જ ઘરનો ત્યાગ કરીને, એકાંતિક ધર્મ સિદ્ધ કરીને તરત મહારાજ પાસે પાછો પહોંચી જઉ, કેમ જે, આ મુક્તબંધન લોક છે.

૪. ગોલોકના મુક્ત કોને કહેવાય ?

જ : તેને એવી જાતની ઈચ્છા હોય જે, ભગવાનની ભક્તિ કરવી. ભગવાનને થાળ ધરવા. ભગવાનને અર્થે ભારે ભારે વસ્ત્ર, ઘરેણાં તથા મંદિર કરવાં. ભગવાનને અર્થે ભારે બાગ-બગીચા કરવા તથા ફરી ફરીને (રાસ) ગાવું. ઈત્યાદિક ક્રિયાએ કરીને ભગવાનની ભક્તિ કરવી અને જો એનું ખંડન કરીને ભગવાન એમ કહે જે, તમારે હવે એ ક્રિયા ન કરવી અને અમે કહીએ તે કરો. તો તે વચન એને મનાય નહિ અને તે વચનનો ત્યાગ કરે, પણ પોતાના અંગને ઘસારો ના લગાડે, ત્યારે જાણવું જે, આ ગોલોકના મુક્ત છે.

૫. મુમુક્ષુએ કોની સાથે હેત કરવું અને કોની સાથે ન કરવું ?

જ : જેમ હજાર મણનું લાકડું હોય તેની સાથે મણનો પાણો બાંધ્યો હોય તે પાણાનો તો ડૂબવાનો સ્વભાવ છે; છતાં લાકડું પાણાને પાણીમાં ડુબવા ના દે, લાકડું પાણીમાં તરે તેની સાથે પાણો પણ તરે છે. કેમ કે, તે લાકડા સાથે જોડાણો છે. તેવી જ રીતે પૂર્વે કહ્યા જે, છ ધામના મુક્તો પણ સંસારરૂપી સમુદ્રને તારે છે; પણ ભગવાનની મૂર્તિને વિશે ચોંટવા દે નહી. તે માટે મુમુક્ષુએ વિચારવું કે, કોની સાથે હેત કરવું અને કોની સાથે ન કરવું.

૬. ગોપાળાનંદસ્વામીએ લોજમાં કોને અને કઈ રીતે બ્રહ્માંડ બતાવ્યું ?

જ : ગોપાળાનંદસ્વામીએ લોજમાં કાના વાળંદને બ્રહ્માંડ બતાવ્યું.ગોપાળાનંદસ્વામી સં.૧૮૮૯માં ૬૦ સંતો અને ૧૫૦ હરિભક્તોને સાથે લઈને લોજમાં ગયા. ત્યાં ગામને ગોંદરે ત્યાંના કૃષ્ણજીભાઈ અને કાનો વાળંદ બોલ્યા, "અહીં મહારાજે કેટલીક બાઈઓને છાણામાં બ્રહ્માંડ બતાવીને સમાધી કરાવી હતી.” ત્યારે સ્વામી કહે, ભગવાનના પ્રતાપે ભગવાનના ભક્ત પણ એમ કરી શકે. એટલું કહી સ્વામીએ ચપટી વગાડી સૌનાં અંતર ખેંચી લીધાં.અને નીલકંઠવર્ણી સહુને સાથે નાવા જતા હોય તેવા દર્શન થયા. પછી કાના વાળંદને કીધું, તારી પાસે નરેણી હોય તો પગમાં કાંટો વાગ્યો છે તે કાઢી દેને ! ત્યારે તેણે કાંટો કાઢવા જતા સ્વામીના ચરણમાં બ્રહ્માંડ જોયું તેથી કાનો વાળંદ આશ્ચર્ય પામી ગયો.

૭. પેટલાદમાં ગોપાળાનંદસ્વામીએ પંડિતોને બ્રહ્માંડ બતાવ્યું તે વાત જણાવો.

જ : એકવાર ગોપાળાનંદસ્વામી પેટલાદ ગયા. ત્યાં સરકાર માન્ય મોટી પાઠશાળા હતી. એમાં ૬૦ પંડિતો તો ભણાવનારા હતા. ત્યાંના વિદ્યાર્થીઓ સ્વામીનાં દર્શને આવ્યા. સ્વામીએ તેઓને સાકરની પ્રસાદી આપી. પ્રસાદી ખાતા જ બધા વિદ્યાર્થીને બધી વિદ્યા આપોઆપ પ્રાપ્ત થઈ ગઈ. તેથી વિદ્યાર્થીઓ પંડિતોની પાસે ભણવા ન જતા. પંડિતોને આ વાતની જાણ થઈ. આથી બધા પંડિતોએ ભેગા મળી ચર્ચા કરી પછી સ્વામી પાસે આવ્યા અને કહે, "તમે સ્વામિનારાયણને કેમ ભગવાન કહો છો ?” ત્યારે સ્વામીએ કહ્યું, તમે કોને ભગવાન માનો છો ? પંડિતો કહે, "અમે શ્રીકૃષ્ણને ભગવાન માનીએ છીએ. કેમ કે, તેમણે ગોવર્ધન પર્વત ઉપાડ્યો હતો.” ત્યારે સ્વામી કહે, "હનુમાનજીએ પર્વત ઉપાડ્યો હતો ને રાવણે તો એથી મોટો કૈલાસ પર્વત ઉપાડ્યો હતો. અને તમે કહેશો કે, શ્રીકૃષ્ણ ભગવાને તો યશોદા માતાને દેખાડ્યું હતું; તે જો તમે બ્રહ્માંડ બતાવે તેને ભગવાન માનતા હો તો મારી સામું જુવો તો ! સ્વામીએ પોતાનું મુખ પહોળું કર્યું અને મુખમાં બ્રહ્માંડ બતાવ્યું. પછી સ્વામીના રૂવાંડે રૂવાંડે બ્રહ્માંડ દેખાવા માંડ્યા. પછી પંડિતો સ્વામીને પગે લાગ્યા.

૮. ત્યાગ માર્ગ અધિક છે. કેવી રીતે; તે જનકરાજાના દૃષ્ટાંત દ્વારા સમજાવો.

જ : સુલભા નામની સંન્યાસીની દીક્ષા લઈને પૃથ્વી પર ફરતી ફરતી સુંદર રૂપ ધરીને મીથીલામાં જનકરાજાને ફસાવવા આવી. પણ જનકરાજા તેનામાં લેવાણાં નહીં; ને સુલભાનું ઈતિહાસમાં નામ બદનામ થર્યું. જનકે કીધું, અહિંથી રવાના થા, હું મારા ગુરુની કૃપાથી સાંખ્ય અને યોગ, બન્ને સિદ્ધ કરી બેઠો છું. મારી એવી સ્થિતિ છે કે, એકબાજુ મને તલવારથી કાપે અને બીજી બાજુ મારો ચાહક વર્ગ ખૂબ માને, પૂજે, વખાણે તોય બેયમાં મારે સમબુદ્ધિ રહે છે . કાપનારામાં દ્વેષ ન થાય, પૂજનારામાં હેત ન થાય. મારા ગુરુ પાસે ગોષ્ઠી કરી, અભ્યાસ કરી માયાને જુઠી જાણીને ત્યાગ સિદ્ધ કર્યો છે. આમ, ત્યાગ માર્ગ અધિક છે. એવી વાત ગોપાળાનંદસ્વામીએ કરી.

૯. મહારાજે વૈષ્ણવના છોકરાનું કેવી રીતે કલ્યાણ કર્યું.

જ : સુરતમાં એકવાર મહારાજની અસવારી નીકળી. ત્યારે એ ગામના વૈષ્ણવના છોકરાએ અસવારીમાં મહારાજનાં દર્શન કર્યાં તેથી મહારાજના દર્શનની તાલાવેલી લાગી; પણ ઘરેથી ના પાડી. પછી તેના ચોકીદાર સાથે શ્રીહરિનાં દર્શને સાકરનો થાળ લઈને ગયો. મહારાજની સામે થાળ મૂકીને કહ્યું,"મેં તમને ક્યાંઈક જોયા છે. પછી મહારાજ કહે, હું વનવિચરણ કરતો હતો ત્યારે તેં મને પૂર્વજન્મમાં જમાડ્યો હતો. એટલે તને આ શેઠને ત્યાં જન્મ આવ્યો છે . પછી છોકરો કહે, મને તમારો સાધુ કરો. મહારાજ કહે, તારે મનનું ધાર્યું કરવું છે ? છોકરો કહે, ના. પછી મહારાજે કીધું, જો હું તને સાધુ કરું તો મોટો ડખ્ખો થાય. માટે તું વૈષ્ણવ ધર્મમાં રહીને મારું ખાનગીપણે ધ્યાન-ભજન કર્યા કરજે. હું તારું મારા સાધુની બરોબર કલ્યાણ કરીશ. અંતે મહારાજ ધામમાં લઈ ગયા અને કહ્યાં પ્રમાણે કલ્યાણ કર્યું.

૧૦. ગોપાળાનંદસ્વામીએ લક્ષ્મીરામ શાસ્ત્રીને કઈ રીતે જમાડ્યા ?

જ : ગોપાળાનંદસ્વામીનું નામ ખુશાલ ભટ્ટ હતું. તે વખતે શ્રીજી મહારાજે તેમને મહાભારતની હસ્તપ્રત લેવા લખીરામ શાસ્ત્રી ભેળા ભાવનગર મોકલ્યા હતા. રસ્તામાં રાત પડી તે એક નાગર મહેતાના ઘરને ઓટલે ઉતર્યા . ત્યાં ધૂળ

હતી. સ્વામી કહે, લખીરામ, રસોઈ કરશો ? લખીરામ કહે, અહિંયા બેસવાનું ઠેકાણું નથી ત્યાં જમવાનું ક્યાંથી મળે ! ગાંડા થયા છો કે શું ? પછી સ્વામીએ નાગર મહેતા સામું જોઈને જમપુરીમાં મોકલ્યો. ત્યાં યમ એને મારવા માંડ્યા. એટલે ગોપાળાનંદસ્વામીએ હાંકલ મારી કે, એમને મારશો નહીં, અમે એના ઉતારામાં ઉતર્યા છીએ. નાગર મહેતા દેહમાં આવીને સ્વામીને પગે પડ્યા અને ઉતારો આપી પાકા સીધા આપ્યાં. પછી લખીરામે રસોઈ કરી અને પછી ખુશાલભટ્ટ અને લખીરામ બંને જમ્યા.

૧૧. આપણું કોઈ અપમાન કરે તેમાં આપણને શું ફાયદો થાય ?

જ : અપમાનથી બહુ ફાયદા થાય છે.૧ મોહ ઉતરી જાય,૨ પ્રયાસ કરતા હોઈએ છતાંય વૃત્તિ પાછી હટતી ન હોય, પણ કોઈક અપમાન કરે એટલે તરત વૃત્તિ પાછી વળી જાય છે.૩ કોઈ માન-સન્માન કરે તો ધ્યાનમાં પાંચ મિનિટ પણ નથી બેસાતું અને જો અપમાન કરે તો પાંચ મિનિટ બેસવું હોય તો અડધી કલાક બેસાય છે.

૧૨. કસરમાત્ર ટાળવાનો ઉપાય શું છે ?

જ : કસરમાત્ર ટાળવી હોય તો મોટા સત્પુરુષને આપણું મન સોંપવુ જ પડે . સત્પુરુષને મન સોંપ્યા વિના બ્રહ્મા, વિરાટ અને સંકર્ષણ જેવાને પણ કસર રહે. એક કાળે બ્રહ્મા, વિરાટ અને સંકર્ષણ બધા પ્રગટ પુરુષોત્તમનારાયણના ઉપાસક હતા. પરંતુ મોટા સત્પુરુષને ન સોંપાયા તેથી કસર ન ટળી અને પરિણામે ધામમાં જઈ શક્યા નહિ. કસરમાત્ર ટાળ્યાનો જબ્બર ઉપાય : મહાપુરુષના વચનમાં વિશ્વાસ રાખવો, એ જ છે. વિશ્વાસ એટલે કોઈ મોટા એમ કહે કે, આને તારું ઘર-બાર બધું સોંપી દે અથવા એ બધું ધૂળમાં ભેળવી દે, તો બધું ભેળવી દેવું, એનું નામ વિશ્વાસ. મોટાપુરુષનું વચન બુદ્ધિની ગરણીએ કોઈ દિવસ ગાળવું નહિ. બુદ્ધિની ગરણીએ કોઈ ગાળે છે તે કોઇને વિશ્વાસ છે જ નહી.

૧૩. .પૂ.ગુરુજીએ ભજનસ્વામીની પુણ્યતિથીએ કઈ વાત પ્રસ્તુત કરી ?

જ : ગુરુજીએ વાત કરી હતી કે, ભજનપ્રકાશસ્વામીની એ સમજણ હતી કે, રાજાધિરાજની મૂર્તિની બાજુમાં દિવ્ય દેહે સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થાય તો બિલકુલ આશ્ચર્ય ન થાય અને બંનેમાં એક જ સરખો ભાવ રહે તો પ્રગટ ભગવાનનો નિશ્ચય પૂરેપૂરો કહેવાય અને જો આશ્ચર્ય થાય તો પ્રગટ મહારાજ (મૂર્તિના રૂપમાં છે તેને) સ્વીકાર્યા જ નથી.

૨. આ સંતો-ભક્તોની સભા બેઠી છે; તેમાં સંતો મધ્યે કોઈ ધામમાંથી સંત તેજોમયરૂપે પ્રગટ થાય અને હરિભક્તોમાં કોઈ ધામસ્થ મુક્ત દિવ્ય દેહે પ્રગટ થાય તોપણ જો આશ્ચર્ય ન થાય અને એકસરખો જ ભાવ રહે; તો પ્રગટ મુક્તોને ધામના મુક્તો તરીકે સ્વીકાર્યા કહેવાય, નહી તો વાતો થાય પણ સ્વીકાર્યા ન કહેવાય.

૧૪. શ્રીજીમહારાજ આ પૃથ્વી ઉપર કયા ૬ હેતુને લઈને આવ્યા હતા ?

જ : ૧. સર્વોપરી પુરુષોત્તમ ભગવાનનું જ્ઞાન ને ઉપાસના પ્રવર્તાવવા.

૨. અવતાર અને અવતારનાં જે ભક્ત તેને અક્ષરધામમાં લઈ જાવા.

૩. આ પૃથ્વીને વિશે એકાંતિક ધર્મનું સ્થાપન કરવા.

૪. ભક્તિ-ધર્મને સુખ દેવા.

૫. કેટલાક કાળથી તીર્થ, વ્રત-દાન કરતા એવા યોગ ભ્રષ્ટ જે જીવો તેને ભગવાનનાં અક્ષરધામમાં લઈ જાવા.

૬. અમારા ભક્તને સંબંધે કરીને અનંત જીવને અક્ષરધામમાં લઈ જવા. એ છ હેતુ માટે શ્રીજીમહારાજ આલોકમાં આવ્યા હતા.

૧૫. ગોપાળાનંદસ્વામીએ મંદવાડ ગ્રહણ કર્યો અને શ્રીજીમહારાજ તેમને સહેતુ ધામમાં ન તેડી ગયા, તે ચરિત્ર જણાવો.

જ : વિક્રમ સંવત ૧૯૦૬, મહા સુદી એકાદશી ૨૪/૦૧/૧૮૫૦ ગુરુવારે ગોપાળાનંદસ્વામીએ વડતાલમાં મંદવાડ ગ્રહણ કર્યો. ૨૧ દિવસ સુધી કાંઈ જમ્યા જ નહિ. બધા સ્વામિનારાયણ ભગવાનને સ્તુતિ કરીને વિનવે છે કે, સ્વામીને રાખો. આ સમાચાર સાંભળીને અમદાવાદથી કેશવપ્રસાદ અને ઠાકોરરામ ૫૦ સંતોને લઈને સ્વામીની ખબર કાઢવા વડતાલ આવ્યા. સ્વામીએ આચાર્યનાં ધર્મ એમને સંભળાવ્યા.તેઓ ૩ દિવસ રહી અમદાવાદ ગયા. પછી ૨૮મા દિવસે રાત્રે મહારાજે ગોપાળાનંદ સ્વામીને દર્શન આપી કહ્યું, જ્યાં સુધી અમારું પુરુષોત્તમપણું નહિ પ્રવતાવો ત્યાં સુધી તમને ધામમાં નહિ લઈ જાઈએ. પછી બીજે દિવસે સવારે સ્વામીએ જમવાનું માંગ્યું અને મહારાજના સર્વોપરી મહિમાની વાતો કરવા માંડી.

## ગોપાળાનંદ સ્વામી વિષે. (આ વિભાગમાંથી કુલ ૬ માર્કસનું આવશે.)

૧. ગોપાળાનંદ સ્વામીનો જન્મ ક્યારે થયો હતો ?
જ- ગોપાળાનંદ સ્વામીનો જન્મ સંવત્ ૧૮૩૭ મહા સુદ ૮ના દિવસે થયો હતો.
૨. ગોપાળાનંદ સ્વામી કેવી વાણી નોજાતા બોલતા ?
જ- ગોપાળાનંદ સ્વામી અભિમાની વાણી કોઈ જગ્યાએ નહોતા બોલતા.
૩. ગોપાળાનંદ સ્વામીને કેવી રીતે રહેવાનો આગ્રહ હતો ?
જ- ગોપાળાનંદ સ્વામીને અખંડ બ્રહ્મરૂપે રહેવાનો અને પ્રભુપ્રેમમાં ગળાડૂબ રહેવાનો આગ્રહ હતો.
૪. ગોપાળનંદ સ્વામીની જિંદગી કેવી છે ?
જ- ગોપાળાનંદ સ્વામીની જિંદગી નિર્બંધ, નિરાગ્રહી, ઠરાવ રહીત ને સરળ જિંદગી છે.
૫. ગોપાળાનંદ સ્વામીને ધ્યાન થતું હતું તેનું કારણ શું હતું ?
જ- ગોપાળાનંદ સ્વામીએ મહારાજને જ માલિક અને કર્તા રાખ્યા, તેથી તેમનાથી ધ્યાન થતું હતું.
૬. ગોપાળાનંદ સ્વામીનું સામર્થ્ય શું છે?
જ- ગોપાળાનંદ સ્વામી, મહારાજ ન હોય તોપણ આ બ્રહ્માંડ ચાલે છે તેમજ ચલાવે;
૭. ગોપાળાનંદ સ્વામીને કેવી વાસના હતી?
જ- ગોપાળાનંદ સ્વામીને તો ભગવાન ભજવા, ભગવાનને રાજી કરવા ને ભગવાનમાં ધ્યાન રાખવું; એવી વાસના હતી.
૮. ગોપાળાનંદ સ્વામી ભગવાન કરતા વહેવારને કે ડાજાપણને વધારે મહત્વ કેમ નહોતા આપતા ?
જ- કારણ કે સ્વામી એમ સમજતા કે, આપણા કરતા મહારાજમાં વધુ બુદ્ધિ , વધુ સામર્થી તેમજ જીવના કલ્યાણની પણ વધુ પડી હોય. ભગવાન આ બધું જ વિશેષપણે , સારી રીતે ને સમયસર કરી શકવાને સમર્થ છે.
૯. મહારાજે દિલગીર થઈ સ્વામીને શું કહ્યું?
જ- મહારાજે દિલગીર થઈ આંખમાં આંસુ સાથે કહેઃ સ્વામી, “જેને રાજી કરવા કરવું છે, તેને મૂર્તિ કેમ ભુલાશે?”
૧૦. ગોપાળાનંદ સ્વામીમાં જે વિશેષતા હતી તે શેને લીધે હતી?
જ- ગોપાળાનંદ સ્વામીને મહારાજનો મહિમા બહુ જ હતો તથા મહારાજને જ બહુ મોટા સુખદાયી માનતા હતા, ગોપાળાનંદ સ્વામીમાં આ વિશેષતા હતી.
૧૧. ગોપાળાનંદ સ્વામીને શું તારવતા સારું આવડતું?
જ- ગોપાળાનંદ સ્વામીને સાર તારવતા બહુ સારો આવડતો.
૧૨. ગોપાળાનંદ સ્વામીમાં શું સમજવાની રીત અદ્ભુત છે?
જ- ગોપાળાનંદ સ્વામીના મહિમા સમજવાની રીત અદ્ભૂત છે.
૧૩. ગોપાળાનંદ સ્વામી કેવી રીતે સેવા કરવાનું શીખવાડે છે?
જ- ગોપાળાનંદ સ્વામી ભજનરૂપી દોરડે બંધાઈને સેવા કરવી, એવું શીખવાડે છે.
૧૪. ગોપાળાનંદ સ્વામી અને પર્વતભાઈએ ક્યાં બેસીને છ મહિના વાતો કરી અને ત્યારે શું થયું હતું ?
જ : ગોપાળાનંદ સ્વામી અને પર્વતભાઈએ અગતરાઈ ગામની સીમમાં છ મહિના સુધી વાતો કરી હતી, તેથી તે ગામની સીમમાં છ મહિના સુધી જમ આવ્યા ન હતા.
૧૫. ગોપાળાનંદસ્વામીએ લાલા પાળા વિશે મહારાજને શું પ્રાર્થના કરી ?
જ : હે મહારાજ ! આ જીવ છે. એનો ગુનો માફ કરો ને ધામમાં લઈ જાઓ.”
૧૬. ગોપાળાનંદસ્વામીએ ઉમરેઠમાં કઈ વાત કરી ?
જ : ભગવાનની મૂર્તિ વિના બીજું બધું વિષ જેવું કરી નાખવું ને એમ ન મનાય તો પણ કર્યા કરવું, તો એમ કરતાં કરતાં સિદ્ધ થાય.
૧૭. ગોપાળાનંદસ્વામી કેવા છે અને આપણને કેવા બનાવવા માંગે છે ?
જ : ગોપાળાનંદસ્વામી “મા” સમાન છે. મા જેમ બાળકનું પોષણ કરી સારો બનાવે એમ સ્વામી આપણને પુરુષોત્તમને વરવા આદરણીય બનાવવા માગે છે.
૧૮. ગોપાળાનંદસ્વામી શિક્ષાપત્રી વિશે કઈ સમજણ ધરાવે છે ?
જ : ગોપાળાનંદસ્વામી કહે છે, શિક્ષાપત્રી લોપાય એટલે બ્રાહ્મણ માર્યા જેટલું દુઃખ લાગવું જોઈએ.
૧૯. ગોપાળાનંદસ્વામી સંતો ને શું શીખવતા ?
જ : ગોપાળાનંદસ્વામી સંતોને પ્રતિલોમ ધ્યાન કરતાં શીખવતા .

૨૦. ગોપાળાનંદસ્વામીની વાતો કેવી છે ?
જ : સ્વામીની વાતો સ્વમાતાના દૂધ જેવી અતિ પોષક, નિરોગીકારક, સુખકારક, પુષ્ટિકારક, બળવર્ધક ને અતિ ઉપયોગી છે.
૨૧. ગોપાળાનંદસ્વામી શું ક્યારેય ન ભૂલતા ?
જ : ગોપાળાનંદસ્વામી ક્યારેય ભગવાન ન ભૂલતા , તેમને માહાત્મય જ્ઞાન અને ભગવદજ્ઞાન અખંડ રહેતું. હું ભગવાનનો દાસ છું અને એમાં નિમગ્ન છું, આ વાત ક્યારેય ભૂલતા નહીં.
૨૨. ગોપાળાનંદસ્વામી બધાનાં આત્મા કઈ રીતે જોઈ શકતા ?
જ : જેમ ફાનસમાં વાટ બળતી દેખાય તેમ ગોપાળાનંદસ્વામી બધાનાં આત્માને જોઈ શકતા.
૨૩. કોણ કોણ વચનનાં ઝીલનારા છે ?
જ : ગોપાળાનંદસ્વામી અને આત્માનંદસ્વામી  આ બંને મહારાજનાં વચનનાં ઝીલનારા છે.
૨૪. સેવા અને પદાર્થે કરીને કોણ કોણ રાજી થતા નહીં ?
જ : ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી અને કૃપાનંદસ્વામી; આ સંતો સેવા કે પદાર્થે કરીને રાજી થતા નહીં.
૨૫. કેવા સંતો-ભક્તોને ગોપાળાનંદસ્વામી દાસપણે માન્ય રાખતા નથી ?
જ : જે સંત-ભક્ત દેહભાવવાળા હોય ને તે ગમે તેટલા વિનમ્રભાવે, વિવેકભાવે, લટુડા પટુડા સાથે કે ઢીલાઢફ થઈ દાસપણું દેખાડે તોપણ સ્વામી તેને માન્ય રાખતા નથી.
૨૬. ગોપાળાનંદસ્વામીએ કોની સોબત કરવાની કીધી છે ?
જ : ગોપાળાનંદસ્વામીએ, જે જ્ઞાનમાં મોટો હોય, પરિપક્વ ત્યાગી હોય, સારી સમજણવાળા મોટા હરિભક્ત હોય તેની સોબત કરવાનું કીધું છે.
૨૭. ગોપાળાનંદસ્વામી એ ગૃહસ્થને શી હાકલ કરી છે ?
જ : ગૃહસ્થને એકાંતમાં મા-બેન, દિકરી સાથે ના રહેવાની હાંકલ કરી છે.
૨૮. ગોપાળાનંદસ્વામીએ કોને પહેલી પ્રાયોરીટી આપી છે ?
જ : ગોપાળાનંદસ્વામીએ પોતાનાં આત્માને શુદ્ધ કરવા પર પહેલી પ્રાયોરીટી આપી છે.
૨૯. કોને ગોપાળાનંદસ્વામીની વાતો ગોળ જેવી ગળી લાગે છે ?
જ : અમર એવો  પોતાનો આત્મા, તેને અમર એવા ભગવાન સ્વામિનારાયણ સાથે જોડી કાયમી સુખીયા જેને થાવું છે; એવો જેના હૃદયમાં વિચાર છે એને ગોપાળાનંદસ્વામીની વાતો ગોળ જેવી ગળી લાગે છે.
૩૦. ગોપાળાનંદસ્વામીએ બધાને કેવાં બનાવ્યા છે ?
જ : ગોપાળાનંદસ્વામીએ બધાને જ્ઞાન-સમજણથી સમૃદ્ધ બનાવ્યા છે.
૩૧. ગોપાળાનંદ સ્વામીને અક્ષરધામમાંથી અહી લાવવાનું મહારાજનું શું પ્રયોજન હતું ?
જ : સ્વામી અમારા ભેળા આવીને એકાંતિક ધર્મને પાળીને બીજાને સમજાવે ને બીજાને પળાવે, ત્યારે બીજા જીવ તમને દેખીને પાળે ને પછી એકાંતિક થઈને અક્ષરધામમાં આવે, તે પ્રયોજન હતું.
૩૨. ગોપાળનંદસ્વામીએ કઈ સાલમાં, કઈ તારીખે, કયા વારે અને કયા ગામમાં મંદવાડ ગ્રહણ કર્યો હતો ?
જ : ગોપાળાનંદસ્વામીએ વિક્રમ સંવત ૧૯૦૬, મહા સુદ એકાદશી, ૨૪/૧/૧૮૫૦ ગુરુવારે વડતાલમાં મંદવાડ ગ્રહણ કર્યો હતો.
૩૩. મંદવાડમાં મહારાજે જ્યારે ગોપાળાનંદસ્વામીને દર્શન દીધાં ત્યારે શું કહ્યું ?
જ : મહારાજ કહે, “હજી એક કામ અધુરું છે. પુરુષોત્તમપણું પ્રકાશવા તમને રાખ્યાં છે. એ નહિ પ્રવર્તાવો ત્યાં સુધી અહીંયા રાખીશું.”
૩૪. ગોપાળાનંદસ્વામીએ આપણાં જેવા અનેક જીવાત્માઓનું કોટિ વર્ષો સુધી કલ્યાણ થતું રહે એના માટે શેનું બંધારણ બાંધ્યું છે ?
જ : ગોપાળાનંદસ્વામીએ આપણાં જેવા અનેક જીવાત્માઓનું કોટિ વર્ષો સુધી કલ્યાણ થતું રહે એના માટે પાંચ વખત કથા-વાર્તા, પાંચ માનસી પૂજા અને મહારાજની સ્વાભાવિક ચેષ્ટા કરવાનું બંધારણ બાંધ્યું છે.

## જયશ્રીસ્વામિનારાયણ

**BEST OF LUCK**